**સુવિચાર**
અસફળતા ફક્ત એ સિધ્ધ કરે છે કે સફળતાનો પ્રયત્ન પુરા મનથી નથી થયો
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૩/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨. (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ ફાગણ વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૦૮૮

## ભાજપ હાઈકમાન્ડે કયાં ધારાધોરણ મુજબ નામ નકકી કર્યુ તે કોઈ સમજી શકતુ નથી

# ભાજપનાં ઉમેદવારનું નામ જાહેર થતાં જ મતદારો સ્તબ્ધ

**લોકસભા માટે દોઢ ડઝન મજબૂત દાવેદારો હતા તેમાંથી કેવી રીતે નામ પસંદ થયું તે ચર્ચાનો વિષય**

**કોંગ્રેસનાં યુવા અને શિક્ષિત મહિલા ઉમેદવાર સામે ભાજપે કયાં પરિબળોને આધારે તેમના ઉમેદવાર નકકી કર્યા તે સમજાતું નથી**

**ભાજપનાં હજારો કાર્યકરો અને સેંકડો આગેવાનોમાં પણ ઉમેદવારનાં નામને લઈને શું કરવું તેની ચિંતા**

**જિલ્લાનાં ૧૫ લાખ કરતાં વધારે મતદારોની અપેક્ષા પૂર્ણ કરી શકે તેવી પસંદગી થઈ છે ખરા તેવો વેધક પ્રશ્ન**

અમરેલી, તા. ૨૬

અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર તરીકે ભરતભાઈ સુતરીયાનું નામ જાહેર થતાં જ જિલ્લાનાં મતદારો સ્તબ્ધ થયા છે તો ભાજપનાં હજારો કાર્યકરોમાં પણ આશ્ચર્ય ફેલાયું છે.

ભાજપનાં નસીબદાર ઉમેદવાર કોણ હશે તેને લઈને છેલ્લા એક મહિનાથી મતદારો અને કાર્યકરો કાગડોળે રાહ જોઈ રહ્યા હતા અને અચાનક જ રવિવારની સુમધુર સાંજે ભાજપ દ્વારા અમરેલી બેઠકનાં ઉમેદવારનું નામ જાહેર થતાં જ ભાજપ પ્રેમીઓ સ્તબ્ધ બની ગયા અને સૌ એકબીજાને પુછપરછ કરી કે આ ઉમેદવાર કોણ છે, કયાં ગામનાં વતની છે, કેટલો અભ્યાસ કર્યો છે, પાર્લામેન્ટમાં અમરેલીનાં પ્રશ્નો રજૂ કરી શકશે કે નહી તેવા પ્રશ્નોનો મારો શરૂ થયો.

બીજી તરફ હજારો મતદારોએ મીડિયા પ્રતિનિધિથી લઈને ભાજપનાં આગેવાનોને પુછપરછ શરૂ કરી કે આ ઉમેદવાર કોણ છે, તે શું કરે છે વિગેરે પ્રશ્નો શરૂ કરતાં ભારે આશ્ચર્ય ફેલાયું છે અને કયાંક કોંગ્રેસને ફાયદો થશે તેવું મનોમન વિચારતા પણ થઈ ગયા.

અમરેલી જિલ્લાને આઝાદીનાં ૭૭ વર્ષ બાદ પણ વિકાસનાં ફળો પુરતા પ્રમાણમાં ચાખવા મળ્યા નથી, જિલ્લામાં ભયાનકપણે આર્થિક સમસ્યાઓ જોવા મળે છે, બ્રોડગેજ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### બાઈક બેફિકરાઈથી ચલાવતા બનાવ બન્યો

## મોટા આંકડીયા-અમરાપુર માર્ગની ગોળાઈમાં બાઈક સ્લીપ થતાં યુવકનું કમકમાટીભર્યુ મોત

**મૃતકનું નામ મેહુલ ચૌહાણ હોવાનું બહાર આવ્યું**

અમરેલી, તા. ૨૬, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતા મેહુલભાઈ છગનભાઈ ચૌહાણ ગત તા. ૨૪ના સાંજે ૭થી૯ વાગ્યા દરિમયાન કોઈપણ સમયે પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જીજે-૩ બીઆર ૦૯૨૭નું પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટા આંકડીયા ગામથી અમરાપુર રોડની ગોળાઈમાં મોટર સાયકલ સ્લીપ ખવડાવી પોતાને માથામાં ગંભીર ઈજા કરી શરીરે નાની મોટી ઈજા કરી પોતાનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થયું છે.

### પરિવારનાં સદસ્યો સાથે માથાકુટ થયા બાદ

## બાબરાનાં લુણકી ગામનાં યુવકે ઝેરી દવા ગટગટાવી

**કંટાળીને અંતે અંતિમવાટ પકડી**

અમરેલી તા. ૨૬

બાબરા તાલુકાના લુણકી ગામે રહેતા સુરજ ઉર્ફે સુરેશ ગોવિંદભાઈ મકવાણા નામના ૨૮ વર્ષિય યુવકના લગ્ન થયેલ ન હોય, અને તેને છેલ્લા સાત આઠ વર્ષથી દારૂ પીવાની કુટેવ હોય અને ગત તા.૧૯ ના રોજ દારૂ પી ને ઘરે આવી તેમના પરિવારના લોકો સાથે માથાકુટ કરવા લાગેલ અને દારૂ પીધેલ હાલતમાં તેમના ભાઈ દિપકભાઈને માર મારેલ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વર્ષો પુરાણા મકાન રીનોવેશનનાં અભાવે જમીનદોસ્ત થતાં દેકારો

## જાફરાબાદમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનું જુનું મકાન ધરાશાયી થતાં ર વ્યકિતઓનાં કમકમાટીભર્યા મોત

**જુના મકાન નજીક ચા અને પાઉંભાજીની રેંકડીએ ઉભેલ નાગરિકો કાટમાળમાં દબાયા**



રાજુલા, તા. ૨૬

જાફરાબાદ શહેરમાં આવેલ ગીરીરાજ ચોક ખાતે વર્ષોથી બંધ પડેલ એસબીઆઈની ઈમારત ધરાસાઈ થતાં આઠ જેટલા લોકો કાટમાળમાં દબાતા ઈજાઓ થવા પામેલ.

જૂની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા બેન્ક નીચે આવેલ ચા, પાઉંભાજીની લારી હોવાથી લોકો ચા-પાણી, નાસ્તો કરતા હોય ત્યારે સવારના સમયે આ ઈમારત ધરાશાઈ થઈ ત્યારે નીચે ઉભેલ લોકો કાટમાળમાં દબાયા હતા.

આ ઘટનાની જાણ થતા નગરપાલિકા સ્ટાફ, ફાયર સ્ટાફ તેમજ પોલીસ ઘટના સ્થળે દોડી કાટમાલ ખસેડવાની કામગીરી હાથ ધરેલી. ઈમારત ધરાશાઈ થયાના સમાચાર ગામમાં વાયુ વેગે પ્રસરતા લોકોના ટોળેટોળા એકઠા થયેલ. કાટમાળ નીચે દબાયેલા આઠ લોકોને ૧૦૮ મારફતે જાફરાબાદ, રાજુલા, મહુવા, ભાવનગર સહિત વિવિધ શહેરમાં રીફર કરાયા.

આ ઘટનાને પગલે જાફરાબાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરેલ. આ ઘટના ગામના સેવાભાવી યુવાનો તેમજ અન્ય આગેવાનો, રાજકીય કાર્યકરો સહિતના લોકોએ સેવા આપેલી.

સોલંકી સુરેશભાઈ નાનજીભાઈ તેમજ મકવાણા આતુભાઈ ચીનુભાઈ આ બંનેના મોત થયેલ છે તેમજ ઈજાગ્રસ્ત મકવાણા ભુપતભાઈ કાળુભાઈ, બાબુભાઈ બચુભાઈ સોલંકી, રોનકભાઈ ભગુભાઈ બામણીયા તેમજ ભગુભાઈ સોમાભાઈ બારીયા કુલ ચાર વ્યકિતઓ ગંભીર રીતે ઈજા થવા પામેલ છે.

### ફાઈવ ટ્રિલીયન ઈકોનોમીનાં ફાંકા વચ્ચે જગતાતનાં ખિસ્સા ખાલી

## બગસરાનાં બાલાપુર ગામનાં વૃધ્ધ ખેડૂતે પાક નિષ્ફળ જતાં પાક ધિરાણની રકમ ભરવાની ચિંતામાં ઝેરી દવા ગટગટાવી લીધી

**આલીશાન લાઈફ જીવતા જનપ્રતિનિધિઓને ખેડૂતોની ગરીબી દૂર કરવાનું યાદ આવતું નથી**

અમરેલી, તા. ૨૬


એક તરફ સરકાર દેશમાં આર્થિક વિકાસ અદભૂત ગતિએ આગળ વધી રહ્યો છે અને દેશનું અર્થતંત્ર ફાઈવ ટ્રિલીયન ડોલર એટલે કે ૪૦૦ લાખ કરોડે પહોંચી ગયાનો દાવો કરે છે અને દેશવાસીઓ અને ખાસ કરીને ખેડૂતોની આવક બમણી થયાની ગુલબાંગો ફેંકી રહી છે. તેવા સમયે દેશમાં દરરોજ સેંકડો ખેડૂત આર્થિક સંકડામણનાં કારણે અમૂલ્ય જીંદગીનો અસ્ત લાવી રહ્યા છે અને આવી જ એક ઘટના અમરેલી જિલ્લામાંથી પ્રકાશમાં આવી છે.

વિગત એવા પ્રકારની છે કે, બગસરા તાલુકાના બાલાપુર ગામે રહેતા સવજીભાઈ રાણાભાઈ સાગઠીયા નામનાં ૬૬ વર્ષિય વૃધ્ધના પત્નિ આશરે ત્રણેક માસ પહેલા મરણ ગયેલ હોય અને તેનો વિયોગ તથા પાક નિષ્ફળ ગયેલ હોય તેમજ પાક ધિરાણની રકમ ભરવાની હોય તે વાતની ચિંતા થતાં વૃધ્ધને લાગી આવતા તા. ૨૫/૩/૨૪ના સવારે ૮ વાગ્યે બાલાપુર ગામની સીમમાં માવજીંજવા રોડ ઉપર પોતે પોતાની મેળે ઝેરી સલ્ફર પાઉડર પી જતા તેમનું મોત નિપજયું હતું.




૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
58,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૬/૦૩/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



### રાજકોટ–ભાવનગર હાઈવે ઉપર આવેલ શહેરમાં સુવિધા વધારો

# મુશ્કેલી : બાબરાનાં સરકારી દવાખાનામાં બે ડોકટરની જગ્યા ખાલી હોવાથી દર્દીનારાયણને સારવારમાં પરેશાની

### શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાએ આરોગ્ય વિભાગને પત્ર પાઠવ્યો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાના ના ૫૮ ગામ વચ્ચે એક સામુહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે પણ અહીં મોટાભાગના તબીબોની જગ્યા ખાલી હોવાથી સારવાર અર્થે આવતા દર્દીઓને હાલાકી નો સામનો કરવાની ફરજ પડે છે. ત્યારે પૂરતા પ્રમાણમાં તબીબોની નિમણૂંક કરવામાં આવે તો દર્દીઓને રાહત મળી શકે તેવી રજુઆત સ્થાનિક અગ્રણીઓ અને લોકોમાંથી ઉઠવા પામી છે.

બાબરા સિવિલ અધિક્ષકનો ચાર્જ સંભાળી રહેલા મેડિકલ ઓફિસર ડો. સાકીર વ્હોરાએ જણાવ્યું હતું કે, અહીં એક મેડિકલ ઓફિસર અને એક ગાયનેક એમ.ડી. ની જગ્યા ખાલી છે જેના કારણે પ્રસૂતા તેમજ અન્ય મેડિકલ ઈમરજન્સી તેમજ સામાન્ય ઓપીડી બે ડોકટર દ્વારા કરવામાં આવે છે. ત્યારે રાજય સરકાર દ્વારા અહીં તબીબોની ફાળવણી કરવામાં આવે તો દર્દીઓને રાહત મળી શકે.

આ બાબતે પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું હતું કે, સરકારી દવાખાને રોજ ૩૦૦ થી વધુ દર્દીઓ વિવિધ સારવાર લેવા માટે આવે છે પણ પૂરતા તબીબો નહિ હોવાથી લોકોએ સારવાર લેવામાં કલાકો સુધી રાહ જોવી પડે તેમજ ઈમરજન્સી વેળાએ સારવારના અભાવે જાનનું જોખમ રહે છે તેમજ અન્ય જગ્યાએ રીફર કરવાની ફરજ પડે છે.

બીજી તરફ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા દ્વારા જણાવ્યું હતું કે, સરકારી દવાખાનાની પરિસ્થિતિ બાબતે રાજયના આરોગ્ય વિભાગને રજુઆત કરવામાં આવી છે તેમજ ધારાસભ્ય જનકભાઈ તલાવીયાનું પણ ધ્યાન દોરવામાં આવ્યું છે જલ્દી તબીબોની ભરતી કરવામાં આવશે.

લોકોનું કહેવું છે અહીં જે ડો. મોહિત ચૌહાણ ફરજ બજાવતા હતા તેમની અન્ય જીલ્લામાં બદલી કરી નાખવામાં આવી જેના કારણે જગ્યા ખાલી પડી છે. હાલ સરકારી દવાખાનામાં અપૂરતા તબીબોને કારણે દર્દીઓને સારવાર માટે લાંબી લાઈનમાં ઉભું રહેવું પડે છે તેમજ કલાકો સુધી રાહ જોવી પડે છે.

# બાબરામાં ખાતે કોંગ્રેસ પક્ષનું કાર્યકર્તા માર્ગદર્શન સંમેલન યોજાયું


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૬

બાબરામાં ખત્રી સમાજની વાડી ખાતે બાબરા શહેર અને તાલુકા કોંગ્રેસના કાર્યકર્તા માર્ગદર્શન બેઠકનું આયોજન જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાત ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં લોકસભા ઉમેદવાર જેનીબેન ઠુંમર, આપ જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા વિરજીભાઈ ઠુંમર સહિત આપ અને અને કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકર્તા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસ અને આપ ના અગ્રણીઓ દ્વારા કાર્યકર્તાઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે બુથ ઉપર પૂરતું ધ્યાન આપવાનું છે બુથ જીત્યા એટલે ચૂંટણી જીત્યા.

# બાબરા : વાંકીયા ગામે સામાન્ય બાબતે મારામારી

અમરેલી, તા. ૨૬

બાબરા તાલુકાના વાંકીયા ગામે રહેતા વિપુલભાઈ વિઠ્ઠલભાઈ છાપરા નામનાં ૨૩ વર્ષિય રત્નકલાકાર વાડીએથી ગોખલાણા જતા હતા ત્યારે તે જ ગામે રહેતા આરોપી મનાભાઈ ચોથાભાઈ બેરાણી સામો મળેલ અને શું કામ સામુ જોવે છે ? તેમ કહી રત્ન કલાકારને રામાપીરના મંદિરે જવાનુ કહેલ અને મંદિરે જતા આરોપી મનાભાઈ તથા તેનો ભાઈ સંજયભાઈ તથા તેના બાપુજીનો દિકરો સુભાષ વિઠ્ઠલભાઈ બેરાણી મંદિરના ગેઈટ પાસે આવી રત્ન કલાકારને જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર મારેલ તથા રત્ન કલાકારના કાકાને બોલાવવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી મારામારી દરમ્યાન આરોપી મનાભાઈએ તેની પાસે રહેલ છરી વડે રત્ન કલાકારને એક ઘા કમરથી નીચે જમણી બાજુના ભાગે મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

# સાવરકુંડલામાં ભાજપને ઉમેદવાર ૬ લાખ મતથી વિજેતા બનાવવા આતશબાજી



સાવરકુંડલા, તા. ૨૬

અમરેલી લોકસભા બેઠકમાં રાષ્ટ્રીય ભાજપ દ્વારા અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા પર સાંસદ પદના ઉમેદવારનો કળશ ઢોળાતા સાવરકુંડલા શહેર અને તાલુકા ભાજપ દ્વારા નાવલી નદી રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે ફટાકડા ફોડીને ભારત માતા કી જય, વંદે માતરમના નારાઓથી નાવલી નદી ગુંજી ઉઠી હતી ભાજપ નાના કાર્યકર્તાઓને મોટી જવાબદારીઓ સોંપવાનું ઉમદા ઉદાહરણ હોય તો અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા ને કહી શકાય કે ૧૯૯૧ ના ભાજપના કાર્યકર્તાને તાલુકા પંચાયતના પ્રમુખ પદે, ને છેલ્લા છ મહિનાથી જિલ્લા પંચાયતના પ્રમુખ પદે બેસાડીને લાંબી વિચારણા બાદ અમરેલી જિલ્લા ભાજપના મોભીઓને વિશ્વાસમાં લઈને મળતાવડા અને નાના નાના કામોમાં સમીક્ષાઓ સાથે કામગીરીઓ કરવામાં નિપુણ ભરતભાઈ સુતરીયા ને લોકસભા ૨૦૨૪'ના ઉમેદવાર બનાવતા સાવરકુંડલા તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ સહિતના ભાજપ સંગઠનના હોદ્દેદારો એ ફટાકડા ફોડી મો મીઠા કરી ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને જંગી લીડથી જીતવાનો વિસ વ્યક્ત કર્યો હતો.

### ગામ પંચાયતની ચુંટણીના મન દુઃખનાં કારણે

# ઉનાનાં એલમપુર ગામે ૯ ઈસમો લોખંડનાં પાઈપ વડે ૭ ઈસમો પર તુટી પડયા

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૬

ઉનાના એલમપુર ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીનું મન દુઃખ રાખી સામા પક્ષના નવ જેટલા ઈસમોએ ગેરકાયદેસર રીતે મંડળી રચી – ધૂળેટીના તહેવારના દિવસે છરી, લોખંડના પાઈપ અને હાથમાં પહેરવાનાં કડા વડે સાતથી વધુ લોકો પર જીવલેણ હુમલો કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ઉનાના એલમપુર ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બંને પક્ષો સામ સામે હોય જેનું મન દુઃખ હોય ત્યારે ધુળેટીના દિવસે અમર બાબુ બાંભણિયા, રમેશ નાનું સાંખટ, મંગા સિદી શિયાળ, ભાવેશ નાનું સાખટ, વિપુલ સરમણ શિયાળ, બાલુ જાદવ સાંખટ, મનુ ભીખા સાખટ સહિતના લોકો એલમપુર ગામના બસ સ્ટેશનમાં ડી જેના તાલે કલર થી ધુળેટી રમતા હોય અને કલર પૂર્ણ થઈ જતા ભાવેશ સાંખટ અને અજય શિંગડ બંને જણ ગામના ચોરા પાસે આવેલ દુકાને કલર લેવા ગયેલ હોય અને ગામમાં આવેલ હનુમાનજી મંદિર પાસેના ભાગે પહોંચતા અક્ષય નાનું મકવાણા તથા અશ્વિન નાનુ મકવાણાએ ભાવેશ અને અજયને કહેલ કે તમે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અમારા સામાપક્ષના હતા જેથી શેરીમાંથી નીકળવાનું નહીં જેથી ભાવેશ અને અજયે કહેલ કે આ જાહેર રસ્તો છે આવું કહેતા અક્ષય તથા અશ્વિન એકદમ ઉશ્કેરાઈ જઈ ભાવેશ અને અજયને ગાળો આપતા ગાળો બોલવાનીના પાડતા અક્ષય અને અશ્વિને કહેલ કે હવે તમે બધા ધુળેટી કેમ રમો છો તેમ કહી અક્ષય નાનુ મકવાણા, કરસન મેણસી મકવાણા, મેણશી પીઠા મકવાણા, કલ્પેશ ખોડુ મકવાણા, મનસુખ નાનું મકવાણા, અશ્વિન નાનુ મકવાણા, જયેશ રમેશ મકવાણા, જયેશ મેણશી મકવાણા, દિપક કાના મકવાણા સહિત કુલ નવ જેટલા ઈસમોએ ગેરકાયદે મંડળી રચી છરી, લોખંડના પાઈપ, હાથમાં પહેરવાના કડા વડે ધુળેટી રમતા અમરશી બાબુ બાંભણિયા, કપિલ મંગાશિયાળ, વિપુલ સરમણ,બાલુ જાદવ સાંખટ, મનુ ભીખા સાખટ, ભાવેશ નાનું સાખટ, રમેશ નાનું સાખટ, મંગા સિદી શિયાળ સહિતના પર જીવલેણ હુમલો કરી હાથ, પગ, પેટ,ગાલ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ઈજા પામનાર તમામને ૧૦૮ ની મદદથી ઉના સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવતા કપિલ મંગા ભાઈ શિયાળ રહે એલમપુર તા.ઉના વાળાઓએ જીવલેણ હુમલો કરનાર ૯ જેટલા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા ઉના પોલીસે ગણતરીની કલાકોમાં જ તમામ આરોપીઓને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

# બગસરામાં હોળી પર્વની આસ્થાભેર ઉજવણી


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૬

બગસરરામાં હોળી પર્વની ઠેર ઠેર હોલિકા દહન કરી દર વર્ષની માફક આ વર્ષે પણ આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી જેમાં જેતપુર રોડ જગાતનાકા પાસે તથા સરકારી દવાખાના પાસે તથા પટેલવાડી આરાધના ગ્રુપ દ્વારા હોલિકા દહનનું આયોજન થતા બહોળી સંખ્યામાં લોકો મહિલાઓ બાળકો યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને હોલિકાના ફેરા ફરી ધન્યતા અનુભવી હતી અને દર્શન કર્યા હતા નવ દંપતિઓ દ્વારા હોળી માં ફરતે શ્રીફળ અને પાણીના સાત ફેરા ફરીને નવદંપતીઓ ધન્યતા અનુભવે છે. આ ઉપરાંત હોળીની જાળ હોળીના દિવસે રાત્રિના સમયે ઉતાસણી પ્રગટાવવામાં આવી હતી આગામી ચોમાસા માટે તેની જાળ કઈ તરફ જાય છે તે જોવા માટે જાણકારોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળેલ હોળીની ઝાડ પૂર્વ તરફ જતા જાણકારોના મતે આગામી ચોમાસુ સુખદ રહેવાના વર્તાવો જાણકારી આપેલ છે.

# ધારી તાલુકાનાં સહકારી અગ્રણી ઓધવજીભાઈ કોટડીયાનું નિધન

ધારી, તા.૨૬

ધારી તાલુકા પંચાયત તથા ધારી માર્કેટ યાર્ડ ના પૂર્વ પ્રમુખ તેમજ જમીન વિકાસ બેંક–ધારીના પૂર્વ ચેરમેન અને જીલ્લાના સહકારી અગ્રણી તથા પીઢ ખેડૂત આગેવાન ઓધવજીભાઈ શામજીભાઈ કોટડીયા (ઉ.વ. ૮૫)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ કુબડા સેવા સહ મંડળી ના પ્રમુખ તરીકે તથા કુબડા ગામનાં સરપંચ તરીકે લગભગ ૨૫ વર્ષથી સેવા આપેલ.

સદગતનું બેસણું તા : ૨૮/૩/૨૪ ને ગુરૂવારના રોજ સવારના ૮ વાગ્યા થી સાંજના ૬ વાગ્યા સુધી કુબડા મુકામે બિપીનભાઈ ઓધવજીભાઈ કોટડીયાના નિવાસ સ્થાને રાખેલ છે.

# બાળકો દ્વારા રંગોળી અને હોળિનો શણગાર


સાવરકુંડલાનાં શિવાજીનગર વિસ્તારમાં બાળકોએ ખૂબ જ સરસ રીતે રંગોળી અને પતંગોથી હોળીને શણગારી સજાવી હતી.

### સરપંચે પાણી પુરવઠા મંત્રીને પત્ર પાઠવ્યો

# સાવરકુંડલાના જીરા ગામે નર્મદાની પાઈપલાઈન બદલાવા માંગ કરાઈ

### પુરતા ફોર્સથી પાણી આપવા પણ માંગ



અમરેલી, તા. ૨૬

સાવરકુંડલાના જીરા ગામના સરપંચે પાણી–પુરવઠા મંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે મહી પાણી પુરવઠા યોજનાની પાઈપલાઈન સીમરણ જીરા ગામ સુધી આવેલ છે, જે પાઈપ લાઈન સન ૨૦૦૨માં નાખવામાં આવેલી છે, ઉપકરોત પાઈપ લાઈન ખરાબ થઈ જતા ઝાડના મૂળિયા વિટાઈ જતા અવાર નવાર પાઈપલાઈનમાં ભંગાણ પડે છે, અને પાણી આપવામાં વિક્ષેપ પડે છે.

ઉપકરોત બાબતને ધ્યાને લઈ જીરા ગામને પાણી જરૂરિયાત મુજબ મળી રહે, તે માટે ૬ ની પાઈપ લાઈન નવા સંપથી જીરા ગામ સુધી ની મંજૂર કરવામાં આવે તો અવારનવાર ભંગાણ પડવાની સમસ્યા દૂર થાય અને જરૂરિયાત મુજબ પાણી પુરવઠો મળી રહે, જીરા ગામને સંપ થી સીધું પાણી મળતું ન હોય, પૂરતા પ્રમાણમાં પાણીનો ફોર્સ આવતો નથી. જેથી સંપમાં જુદી મોટર મૂકવામાં આવે અને તેને મંજૂર કરવામાં આવે તો ગામનો કાયમી પ્રશ્નનો નિકાલ થાય તેમ છે. તેમ અંતમાં માંગ કરેલ છે.

### વિવિધ વિસ્તારમાં હોલિકા દહન કાર્યક્રમો યોજાયા

# બાબરામાં હોળી ધુળેટીના પર્વની શાનદાર ઉજવણી કરાઈ

### આબાલ, વૃધ્ધ સૌ કોઈએ રંગોના પર્વની ઉજવણી કરી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૬

બાબરા માં હોળી અને ધુળેટીના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી અહીં શહેર ના સ્વામિનારાયણ નગર વિસ્તારમાં તેમજ કૃષ્ણ નગર સોસાયટી અને પોલીસ ગ્રાઉન્ડ ચોકમાં હોલિકા દહનનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં શહેર ના લોકો મોટી સંખ્યામાં હોલિકા દહન કાર્યક્રમ સહભાગી બન્યા હતા. બીજા દિવસે ધુળેટી ના પર્વ ની પણ ઉજવણી લોકો દ્વારા કરવામાં આવી હતી અહીં નાના બાળકો યુવાનો દ્વારા ધુળેટી ના પર્વ પર રંગેરમી એકબીજાને રંગ ઉડાડી પર્વની ઉજવણી કરી હતી

# અમરેલી : શ્રીજી વિધાર્થી ભુવનમાં શહીદ દિને શહીદોને શ્રધ્ધાજંલિ અર્પણ




અમરેલી, તા.૨૬

અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શાળાની પ્રાર્થના સભામાં શહીદોને ભાવાંજલિ આપતો એક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં, ભગતસિંહ, સુખદેવ, રાજયગુરુની તસ્વીરોને પુષ્પ અર્પણ કરી. શહીદોને વંદનનો કાર્યક્રા યોજાયો હતો.

તા. ૨૩, માર્ચ ૧૯૩૦ નાં રોજ આ ત્રણ શહીદોને ફાંસી થઈ હતી તે દિવસને વિદ્યાર્થીએ કાયમ સ્મૃતિમાં રાખશે. અને નતમસ્તકે તેની યાદ તાજી કરશે તેવા શુભહેતુથી શહીદદિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ પ્રેરકહાજરી આપી પ્રસંગોચિત પ્રવચન કર્યુ હતું. વિદ્યાર્થીએ પણ શહીદોની સ્મૃતિ વંદનામાં આ પ્રસંગે અને ગીતો વડે અંજલી આપી હતી.

## જિલ્લાભરમાં હોલિકા દહનનાં કાર્યક્રમમાં જનમેદની ઉમટી પડી

# અમરેલી જિલ્લામાં હોલિકાદહન અને ધૂળેટી પર્વની ઉજવણી

**અસત્ય પર સત્યનાં વિજયની કહાની ધરાવતાં પર્વની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરાઈ**

**સમાજમાં રહેલ આસુરી શકિતઓનો નાશ થાય અને સુખ, શાંતિ, સમૃધ્ધિ, તંદુરસ્તી વધે તેવી પ્રાર્થના કરાઈ**

**હોલિકા દહન બાદ ધૂળેટી પર્વની ઠેકઠેકાણે ઉજવણી કરવામાં આવી**

**સાવરકુંડલા, રાજુલા, ધારી, બાબરા, બગસરા સહિતનાં તમામ શહેરોમાં ઉત્સાહનો માહોલ**








અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં રવિવારે સાંજે હોલિકા દહન અને સોમવારે ધૂળેટી પર્વની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. અસત્ય પર સત્યનો અને આસુરી શકિત ઉપર દેવી શકિતનાં વિજયનો સંદેશ આપતા મહાનપર્વની ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લાનાં નાના મોટા તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં આસ્થા અને ઉત્સાહભેર ઉજવણીમાં નાના-મોટા સૌ કોઈ ઉત્સાહભેર જોડાયા હતા.

અમરેલી જિલ્લામાં તમામ તહેવારોની ઉત્સાહ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ગઈકાલે ઘુળેટી પર્વની પણ આસ્થાભેર રંગોની સંગાથે અને ડી.જે.ના તાલ સાથે રાસ ગરબાની રમઝટ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના મોટા સૌ કોઈએ ઘુળેટી પર્વની ઉજવણીનો આનંદ લીધો હતો.

અમરેલીના ઉત્સવ પ્રેમી લોકો દ્વારા સવારથી ઘુળેટી પર્વની ઉજવણી શરૂ થઈ જવા પામી હતી. સવાર સવારમાં ઘુળેટી પર્વની ઉજવણીમાં લોકો પોતાના પરિવાર સાથે રંગોથી રંગાયા હતા. જયારે શેરી, લતા અને સોસાયટીમાં ઘુળેટીની ઉજવણી કરી પોતાના પરિવાર સાથે ઘુળેટી પર્વની ઉજવણી માટે સગા સંબંધીઓ, મિત્રો સાથે રંગોત્સવનો આનંદ મેળવ્યો હતો. અમરેલી જિલ્લામાં તમામ તહેવારોની ઉત્સાહ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે શહેરના કેટલાંક સ્થળોએ યુવાઓ દ્વારા તો રંગોત્સવના કાર્યક્રમ પણ યોજાયા હતા. જેમાં યુવાધન ધુળેટી રંગોથી રમ્યા બાદ ડી.જે.ના તાલ સાથે રાસ ગરબાની રમઝટ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લામાં હોળી ધુળેટીના તહેવારોની શાંતિપુર્ણ વાતાવરણમાં સંપન્ન થવા પામી હતી. જેને લઈ જિલ્લામાં કોઈપણ સ્થળે કોઈ અનિચ્છનીય બનાવ બનેલ ના હોય પોલીસે સતત બંદોબસ્ત ગોઠવેલ હતો.

## જિલ્લા આરોગ્ય અધિકારીનાં માર્ગદર્શન હેઠળ

# અમરેલીમાં હનુમાનપરા ખાતે આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ એન્ડ વેલનેસ કાર્યક્રમ યોજાયો

**સગર્ભા મહિલાઓને પોષણ કિટનું વિતરણ થયું**




અમરેલી, તા.૨૬

જીલ્લા આરોગ્ય અધિકારી આર.સી.એચ.ઓ તથા ટી.એચ.ઓ. ડો. સિંદાની સૂચનાથી અર્બન હેલ્થ સેન્ટર – ૨ દ્વારા સગર્ભા નિદાન કેમ્પ તેમજ પોષણ કીટ વિતરણ કાર્યક્રમ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર હનુમાનપરા ખાતે ડો. કોમલબેન ડાભી દ્વારા કરવામાં આવેલ હતું.

વેલનેસ સેન્ટરનાં તાલીબ ડો. રજત સિન્હા દ્વારા સુંદર વ્યવસ્થા પુરી પાડવામાં આવેલ. આર.બી.એસ.કે. ડો. રાજુભાઈ કથીરીયા તેમજ અર્બન સ્ટાફ હસ્તે તમામ સગર્ભા બહેનોને પોષણ કીટનું પણ વિતરણ કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન ડો.કોમલબેન ડાભી તથા અર્બન-૨ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતું.

# ચાંચ ગામે સામાન્ય બાબતે મારામારીનો બનાવ બન્યો

અમરેલી, તા. ૨૬

રાજુલા તાલુકાના ચાંચ ગામે આવેલ નવાણીયાપરા વિસ્તારમાં રહેતા મેઘાભાઈ ભાણાભાઈ ગુજરીયા નામનાં ૨૩ વર્ષિય યુવકના છેટાવા મામાના દિકરા ચાંચ ગામે રહેતા આરોપી રમેશભાઈ કરશનભાઈ જોળીયા યુવકના પરિવાર સાથે બોલાચાલી કરતો હોય. તે દરમ્યાન યુવકના મોટાભાઈ ઘનશ્યામભાઈ ત્યાં ઉભા ઉભા જોતા હોય. જેથી યુવક તેના ભાઈને બોલાવવા જતા આરોપી રમેશભાઈ કરશનભાઈ જોળીયાએ યુવકના ભાઈને ગાળો દેવા લાગતા યુવકે ગાળો દેવાની ના પાડતા આરોપીને સારૂ નહી લાગતા તે દરમ્યાન આરોપી અજયભાઈ રમેશભાઈ જોળીયા યુવકે પાસે આવી ગળાના ભાગે છરીનો એક ઘા મારી દઈ ગંભીર ઈજા કરી તથા અન્ય ત્રણ આરોપીઓએ ઢીકાપાટુથી માર મારી ગંભીર ઈજા કર્યાની ચાર શખ્સો સામે યુવકે ફરિયાદ નોંધવી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શુધ્ધ ઘીના
અડદીયા
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪




॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA




જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
HONDA
કિંમત રૂા. 64,900/-* થી શરૂ




ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
માર્ચ ધમાકા ઓફર
લીમીટેડ સ્ટોક ઉપલબ્ધ....
૨૦૨૩ ના મોડલ પર ભવ્ય ધમાકા ઓફર..




મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

### આત્મઘાતી હુમલામાં પાંચ એન્જિનિયર, ડ્રાયવરનું મોત

# પાકિસ્તાનમાં મોટો આત્મઘાતી હુમલો, ૬ ચીની લોકોના મોત

### આત્મઘાતી હુમલાખોરે ચીની નાગરિકની કારને ટક્કર મારતા કાર ખીણમાં પડી : આત્મઘાતી હુમલામાં ચીની નાગરિકોના મોતને લઇ વિશ્વમાં ખળભળાટ

ઈસ્લામાબાદ, તા.૨૬

પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં ૬ ચીની નાગરિકોના મોતને લઈ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. ખૈબર પખ્તુનખ્વામાં આ હુમલો થયો છે. ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના શાંગલામાં તેમના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો. આત્મઘાતી હુમલાખોરે ચીની નાગરિકની કારને ટક્કર મારતા કાર ખીણમાં પડી હતી.પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં આત્મઘાતી હુમલામાં છ ચીની નાગરિકોના મોત થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે હુમલાખોરે તેમના કાફલાને નિશાન બનાવ્યો હતો. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર ખૈબર પખ્તુનખ્વાના શાંગલા જિલ્લાના બેશમ વિસ્તારમાં ચીની નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર આત્મઘાતી બોમ્બરે વિસ્ફોટકોથી ભરેલી કાર ચીની નાગરિકોના કાફલા સાથે અથડાવી હતી. સ્થાનિક પોલીસ અધિકારીઓએ પાંચ વિદેશી એન્જિનિયરો અને તેમના ડ્રાઈવરના મૃત્યુ થયાની પૃષ્ટી કરી છે. આ હુમલામાં અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઈસ્લામાબાદથી કોહિસ્તાન જતા સમયે ચીની નાગરિકોના કાફલાને નિશાન બનાવાયો અને હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરે કથિત રીતે ચીની નાગરિકોની કારને ટક્કર મારી હતી જેના કારણે કાર ખીણમાં ખાબકી હતી. બલૂચિસ્તાનમાં સ્થાનિક વસ્તી દાયકાઓથી પાકિસ્તાન સરકાર સામે બળવો કરી રહી છે પરંતુ તેમ છતાં ચીને અહીં ભારે રોકાણ કર્યું છે. ચીન પાકિસ્તાનથી તેના દેશમાં એક આર્થિક કોરિડોર બનાવી રહ્યું છે, જેમાં ગ્વાદર પોર્ટ અને તેની આસપાસના વિસ્તારોનો વિકાસ થવાનો છે. બલૂચિસ્તાનનો મોટો હિસ્સો આ CPEC પ્રોજેક્ટનો ભાગ છે, જેનો બલૂચિસ્તાન લિબરેશન આર્મીના લડવૈયાઓ વિરોધ કરે છે અને રોજેરોજ હુમલાઓ કરે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તમામ ચીની એન્જિનિયર્સ દાસુમાં તેમના કેમ્પ તરફ જઈ રહ્યા હતા. ખાસ કરીને દાસુ ભૂતકાળમાં પણ આતંકવાદીઓના નિશાન પર રહ્યું છે, જ્યાં ૨૦૨૧માં મોટો હુમલો થયો હતો. ત્યારબાદ બસ પર થયેલા હુમલામાં ૯ ચીની નાગરિકો સહિત ૧૩ લોકો માર્યા ગયા હતા. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર હુમલાખોરોએ નેવલ એર બેઝ પર હુમલો કર્યો છે, જેમાં એક સૈનિકનું પણ મોત થયું છે. કહેવામાં આવી રહ્યું છે કે આ એરબેઝ ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર માટે મહત્વપૂર્ણ છે. પાકિસ્તાનમાં આંતરે દિવસે આતંકી હુમલાની ઘટનાઓ સામે આવી રહી છે. આ પહેલા ૨૦ માર્ચે બલૂચિસ્તાન લિબરેશન આર્મીના લડવૈયાઓએ ગ્વાદર પોર્ટને નિશાન બનાવ્યું હતું. પાકિસ્તાન ચીનની મદદથી આ બંદર વિકસાવી રહ્યું છે, જેનો સ્થાનિક બલૂચ વસ્તી વિરોધ કરે છે. BLA અથવા બલૂચિસ્તાન લિબરેશન આર્મી દ્વારા ચીની નાગરિકોને વારંવાર નિશાન બનાવવામાં આવે છે.

### પેટાપ્સકો નદી ઉપર બનેલા આ પુલનું નિર્માણ ૧૯૭૭માં થયું હતું

# કન્ટેઈનરથી લદાયેલું એક જહાજ ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ સાથે ટકરાયું

### બાલ્ટીમોર ફાયર ડિપાર્ટમેન્ટે પુલના તૂટવાથી મોટા પાયે જાનહાનિની આશંકા વ્યક્ત કરી છે નદીમાં બચાવ અભિયાન ચાલી રહ્યું છે

બાલ્ટીમોર,તા.૨૬

અમેરિકાના બાલ્ટીમોરમાં મંગળવારે સવારે કન્ટેઈનરથી લદાયેલું એક જહાજ ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ સાથે ટકરાયું. આ ટક્કર બાદ પુલનો એક મોટો ભાગ તૂટીને પાણીમાં સમાઈ ગયો. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં કહેવાયું છે કે દુર્ઘટના વખતે અનેક ગાડીઓ અને લોકો પુલ પર હાજર હતા. અનેક કારો અને લોકો પાણીમાં જોવા મળ્યા. સમાચાર એજન્સી રોયટર્સના જણાવ્યાં મુજબ બાલ્ટીમોર ફાયર ડિપાર્ટમેન્ટે પુલના તૂટવાથી મોટા પાયે જાનહાનિની આશંકા વ્યક્ત કરી છે. નદીમાં બચાવ અભિયાન ચાલી રહ્યું છે. પેટાપ્સકો નદી ઉપર બનેલા આ પુલનું નિર્માણ ૧૯૭૭માં થયું હતું. બાલ્ટીમોર ફાયર ડિપાર્ટમેન્ટના કમ્યુનિકેશન ડાયરેક્ટર કેવિન કાર્ટરાઈટે રોયટર્સને કહ્યું કે અમને મોડી રાતે લગભગ ૧.૩૦ વાગે ઈમરજન્સી સર્વિસ ૯૧૧ પર અનેક કોલ્સ આવ્યા કે એક જહાજ બાલ્ટીમોરમાં કી બ્રિજ સાથે ટકરાયું છે. જેનાથી પુલ તૂટી ગયો. હાલ આ દુર્ઘટનામાં મોટા પાયે જાનમાલના નુકસાનની સંભાવના છે અને અમે હાલ નદીમાં સાત લોકોની શોધ કરી રહ્યા છીએ. બાલ્ટીમોરના મેયર બ્રેન્ડન સ્કોટે પણ પુલ તૂટવાની ઘટનાને ગંભીરતાથી લેતા આશ્વાસન આપ્યું કે ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે કામ કરી રહી છે. ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ વોશિંગ્ટન મેટ્રોપોલિટન રીઝનમાં એક મહત્વપૂર્ણ ટ્રાન્સપોર્ટેશન લિંક છે. કારણ કે તે વોશિંગ્ટન, ડીસીના જોર્જટાઉનને આર્લિંગટન, વર્જીનિયાના રોસલિન સાથે જોડે છે. આ બ્રિજ ફ્રાન્સિસ સ્કોટને સમર્પિત છે જેમણે અમેરિકાનું રાષ્ટ્રગીત લખ્યું છે. કાર્ગો શિપની લંબાઈ ૯૪૮ ફૂટ હોવાનું કહેવાય છે. ટક્કર બાદ જહાજ પણ ડૂબી ગયું. દુર્ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ છે. જેમાં જહાજ પુલ સાથે ટકરાતું જોવા મળે છે. ટક્કર બાદ જહાજમાં આગ લાગી જાય છે અને ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજનો એક ભાગ નદીમાં પડતો દેખાય છે. આ બ્રિજની લંબાઈ ૩ કિમી હોવાનું કહેવાય છે. દાલી નામના જહાજ પર સિંગાપુરનો ધ્વજ લાગેલો હતો. જહાજ ગ્રેસ ઓશન પ્રાઈવેટ લિમિટેડ કંપનીનું હોવાનું કહેવાય છે. જેનું મેનેજમેન્ટ સિનર્જી મરીન ગ્રુપ પાસે હતું.આ જહાજ શ્રીલંકા જઈ રહ્યું હતું. જો કે હજુ એ સ્પષ્ટ નથી કે અકસ્માત સમયે પુલ પર કેટલા લોકો અને વાહનો હાજર હતા. મેરીલેન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી મુજબ બ્રિજ પર અકસ્માત બાદ તમામ લેન બંધ કરી દેવાઈ છે અને ટ્રાફિક ડાયવર્ટ કરી દેવાયો છે. રોયટર્સના જણાવ્યાં મુજબ ગ્રેસ ઓશન પ્રાઈવેટ લિમિટેડે જણાવ્યું છે કે જહાજ પર હાજર ચાલકદળના તમામ સભ્યો સુરક્ષિત છે અને કોઈને ઈજા થઈ નથી. જહાજ પુલ સાથે કેવી રીતે ટકરાયું આ અંગે કોઈ જાણકારી સામે આવી નથી. પેટાપ્સકો નદીમાં હાલ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે રહે છે. આવામાં અકસ્માત બાદ નદીમાં પડેલા લોકોને જીવનું જોખમ છે. કારણ કે તાપમાન ઓછું હોવાના કારણે લોકો હાઈપોથર્મિયાનો ભોગ બની શકે છે.

### ભારત અને ભૂતાન વિરુદ્ધ વિસ્તારવાદી ચીનની સરહદી રણનીતિ વધી

# પ્રોટોકોલ તોડીને PM મોદીને વિદાય આપવા આવ્યાં ભૂતાનના સર્વેસર્વા

### તેઓ ખુદ પીએમ મોદીને વિદાય આપવા એરપોર્ટ આવ્યાં, ન માત્ર એરપોર્ટ આવ્યા બદલકે પોતે પણ પીએમ મોદીની સાથે તેમના પ્લેનમાં પણ સવાર થયા

નવીદીલ્લી,તા.૨૬

તેમના તમામ વ્યસ્ત કાર્યક્રમ છતાં, PM મોદી જ્યારે ભૂટાન પહોંચ્યા ત્યારે તેમનું સ્વાગત કરવા માટે માત્ર સરકાર જ નહીં પરંતુ રાજાએ પણ તમામ પ્રોટોકોલ તોડી નાખ્યા હતા. તેમણે તેમના ઘરે પર્સનલ ડિનર નો કાર્યક્રમ તો રાખ્યો આ ઉપરાંત તેઓ ખુદ પીએમ મોદીને વિદાય આપવા એરપોર્ટ આવ્યાં. ન માત્ર એરપોર્ટ આવ્યા બદલકે પોતે પણ પીએમ મોદીની સાથે તેમના પ્લેનમાં પણ સવાર થયા.પીએમ મોદીની આ મુલાકાત તાજેતરમાં જ ભારતની મુલાકાતે આવેલા ભૂટાનના પીએમના આમંત્રણ પર થઈ હતી. તેમણે ખાસ કરીને પીએમ મોદીને ચૂંટણી પહેલા ભૂટાનની મુલાકાત લેવા વિનંતી કરી હતી. ભૂતાનની તેમની મુલાકાત દરમિયાન, પીએમ અને લોકો સાથે, રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે પણ તેમનું ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ દરમિયાન પીએમ મોદીને મહેલમાં બોલાવવામાં આવ્યા અને પરિવાર સાથે પરિચય કરાવ્યો. ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે પણ તેમને તેમના મહેલમાં લંચ આપ્યું હતું. ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું હતું જ્યારે રાજાએ કોઈ વિદેશી મહેમાનને પોતાના મહેલમાં આમંત્રિત કર્યા હતા અને તેમને ભોજન પીરસ્યું હતું. પીએમ મોદીને આ વિશેષ સન્માન આપવા પાછળ એક મોટો સંદેશ છુપાયેલો હતો અને તે એ હતો કે ચીનની રણનીતિ સામે બંને દેશ એક સાથે ઉભા છે. જ્યારથી શી જિનપિંગના નેતૃત્વમાં ભારત અને ભૂતાન વિરુદ્ધ વિસ્તારવાદી ચીનની સરહદી રણનીતિ વધી છે, ત્યારથી બંને દેશો વચ્ચે નિકટતા પણ વધી છે. ચીનનો ભારત સાથે લગભગ ૪ હજાર કિલોમીટર લાંબી સરહદ પર વિવાદ છે. છેલ્લા ૪ વર્ષથી પૂર્વી લદ્દાખમાં બંને દેશોના ૫૦ હજાર સૈનિક ભારે સાધનો અને હથિયારો સાથે સામસામે ઉભા છે.

### અબજોપતિ મુંબઈના ૬૦૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં છે

# અબજોપતિઓની દ્રષ્ટિએ વિશ્વમાં હવે મુંબઈ ત્રીજા સ્થાને

### વર્લ્ડ રેન્કિંગમાં ભારતીય અબજોપતિઓના ક્રમાંકમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે

મુંબઈ,તા.૨૬

બેઈજિંગના ૧૬ હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર કરતાં વધુ અબજોપતિ મુંબઈના ૬૦૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં છે. ચીનના મેગાલોપોલિસ (ખૂબ મોટું શહેર)ને પાછળ છોડીને પહેલીવાર મુંબઈ એશિયાનું બિલિયોનેર કેપિટલ બની ગયું છે. ચીનમાં ૮૪૧ અબજોપતિ છે જ્યારે ભારતમાં તેમનો આંકડો ૨૭૧ છે પરંતુ મુંબઈમાં ૯૨ અબજોપતિ છે અને તેની સામે બેઈજિંગમાં ૯૧ અબજોપતિઓ છે. આ વિગતો હુરન રિસર્ચના ૨૦૨૪ના ગ્લોબલ રિચ લિસ્ટમાં આપવામાં આવી છે. અબજોપતિઓની દ્રષ્ટિએ વિશ્વમાં હવે મુંબઈ ત્રીજા સ્થાને પહોંચ્યું છે. જ્યારે ૧૧૯ અબજોપતિઓ સાથે ન્યૂયોર્કે સાત વર્ષ બાદ પોતાનો પ્રથમ ક્રમાંક પાછો મેળવ્યો છે. ૯૭ અબજોપતિઓ સાથે લંડન બીજા ક્રમે છે. ચીનની પોલિટિકલ અને કલ્ચરલ રાજધાની બેઈજિંગને મુંબઈએ પાછળ છોડી કારણકે અહીં એક વર્ષમાં ૨૬ નવા અબજોપતિઓ ઉમેરાયા છે. જ્યારે છેલ્લા એક વર્ષમાં બેઈજિંગના ૧૮ ભૂતપૂર્વ અબજોપતિઓ આ યાદીમાંથી બહાર ફેંકાઈ ગયા છે. નેટવર્થની દ્રષ્ટિએ આ અબજોપતિઓ યાદીમાંથી બહાર થયા છે. મુંબઈના અબજોપતિઓની કુલ સંપત્તિ ૪૪૫ બિલિયન ડોલર થાય છે, જે ગત વર્ષ કરતાં ૪૭ ટકા વધારે છે. જ્યારે બેઈજિંગના અબજોપતિઓની કુલ સંપત્તિનો સરવાળો ૨૬૫ બિલિયન ડોલર થાય છે. તેમની સંપત્તિ ૨૮ ટકા ઘટી છે. મુંબઈના ધનિકો મુખ્યત્વે એનર્જી અને ફાર્માસ્યુટિકલ સેક્ટરના છે, જેમાં મુકેશ અંબાણી જેવા ધનિકોને ઘણો ફાયદો થઈ રહ્યો છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો, રિયલ એસ્ટેટ પ્લેયર મંગલ પ્રભાત લોઢા અને તેમનો પરિવાર ૧૧૬ ટકા વધારા સાથે મુંબઈના સૌથી વધુ કમાણી કરનારા અબજોપતિ હતા. ગ્લોબલ રિચ લિસ્ટના વર્લ્ડ રેંક્રિંગમાં ભારતીય અબજોપતિઓના ક્રમાંકમાં નજીવો ઘટાડો પણ જોવા મળ્યો છે. મુકેશ અંબાણીએ વિશ્વના ધનિકોમાં પોતાનું દસમું સ્થાન જાળવી રાખ્યું છે, તેમની સંપત્તિમાં થયેલો નોંધપાત્ર વધારો મુખ્યત્વે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને આભારી છે. આ જ પ્રકારે ગૌતમ અદાણીની સંપત્તિમાં પણ નોંધપાત્ર વધારો થતાં વિશ્વના ધનાઢ્યોની યાદીમાં તેઓ આઠ સ્થાન ઉપર પહોંચ્યા છે. તેઓ વિશ્વમાં ૧૫મા ક્રમે છે. ઉૐન્ના શિવ નાદર અને તેમના પરિવારની સંપત્તિ અને ગ્લોબલ રેંક્રિંગ બંને વધ્યા છે. ૧૬ સ્થાન ઉપર આવીને હવે તેઓ ૩૪મા ક્રમે પહોંચી ગયા છે. બીજી તરફ સિરમ ઈન્સ્ટીટ્યૂટના સાયરસ એસ. પૂનાવાલાના ૯ ક્રમે નીચે સરકીને ૫૫મા નંબરે પહોંચ્યા છે. તેમની કુલ સંપત્તિ ૮૨ બિલિયન ડોલર છે. ભારતીય અબજોપતિઓમાં સન ફાર્માસ્યુટિકલ્સના દિલીપ સંઘવીનો પણ મહત્વનો ફાળો છે. વૈશ્વિક સ્તરે તેમનું સ્થાન ૬૧મું છે અને કુમાર મંગલમ બિરલા ૧૦૦મા સ્થાને છે. ડીમાર્ટની સફળતાના કારણે રાધાક્રિષ્ણ દામાણીની સંપત્તિ પણ ધીમી પણ મક્કમ ગતિએ વધી રહી છે. આઠ સ્થાન ઉપર આવતાં તેઓ ૧૦૦મા ક્રમે પહોંચી ગયા છે.

### ગાંધીનગર કેપિટલ અથવા સાબરમતીમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યું

# અમદાવાદ સ્ટેશનથી ઉપડતી કેટલીક ટ્રેનોના ટર્મિનલ સ્ટેશનમાં ફેરફાર

### યાત્રી સેવાઓને વધારવા અને અપગ્રેડ કરવામાં મદદ કરશે અને અમદાવાદ શહેર વિસ્તારમાં મુળભૂત માળખાગત પરિયોજનાઓનો ઝડપી અમલ સક્ષમ બનાવશે

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ રેલવે સ્ટેશનથી આરંભ થતી/ઉપડતી કેટલીક ટ્રેનોના ટર્મિનલને ગાંધીનગર કેપિટલ અથવા સાબરમતીમાં સ્થાનાંતરિત કરવામાં આવી રહ્યું છે. ટર્મિનલોમાં આ ફેરફાર સંચાલનમાં સ્થિતિ સ્થાપકતા અપાવશે. છ જોડી ટ્રેનોના ટર્મિનલને સાબરમતી સ્થાનાંતરિત કરવામાં આવ્યું છે. જ્યારે ત્રણ જોડી ટ્રેનોના ટર્મિનલને ગાંધીનગર કેપિટલ સ્થાનાંતરિત કરવામાં આવ્યું છે. તે મુજબ આ ટ્રેનોના સમયમાં પણ ફેરફાર કરવામાં આવશે. તેથી અમદાવાદ સ્ટેશન ઉપર યાત્રીઓની ભીડ ઓછી કરશે, યાત્રી સેવાઓને વધારવા અને અપગ્રેડ કરવામાં મદદ કરશે અને અમદાવાદ શહેર વિસ્તારમાં મુળભૂત માળખાગત પરિયોજનાઓનો ઝડપી અમલ સક્ષમ બનાવશે.અમદાવાદથી સાબરમતી સ્થાનાંતરિત કરવામાં આવેલી ટ્રેનોટ્રેન નંબર ૧૨૯૫૭ અમદાવાદ-નવી દિલ્લી સુવર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસનું ટર્મિનલ ૦૭ એપ્રિલ, ૨૦૨૪થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૧૯.૦૫ કલાકે ઉપડશે.ટ્રેન નંબર ૧૨૯૫૮ નવી દિલ્લી-અમદાવાદ સુવર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ ૦૬ એપ્રિલ, ૨૦૨૪થી સાબરમતીમાં ટર્મિનેટ થશે તેમજ આ સાબરમતી સ્ટેશને ૦૮.૦૫ કલાકે પહોંચશે.ટ્રેન નંબર ૧૯૪૦૭ અમદાવાદ-વારાણસી અઠવાડિક એક્સપ્રેસનું ટર્મિનલ ૨૮ માર્ચ, ૨૦૨૪થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૨૨.૦૦ કલાકે ઉપડશે.ટ્રેન નંબર ૧૯૪૦૮ વારાણસી-અમદાવાદ અઠવાડિક એક્સપ્રેસ ૩૦ માર્ચ, ૨૦૨૪થી સાબરમતીમાં ટર્મિનેટ થશે અને આ ટ્રેન ૨૧.૩૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.ટ્રેન નંબર ૧૯૪૦૯ અમદાવાદ-ગોરખપુર દ્વિ-અઠવાડિક એક્સપ્રેસનું ટર્મિનલ ૨૮ માર્ચ, ૨૦૨૪થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૧૦.૦૫ કલાકે ઉપડશે.ટ્રેન નંબર ૧૯૪૧૦ ગોરખપુર-અમદાવાદ દ્વિ-અઠવાડિક એક્સપ્રેસ ૩૦ માર્ચ, ૨૦૨૪થી સાબરમતીમાં ટર્મિનેટ થશે અને આ ટ્રેન ૧૦.૦૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.ટ્રેન નંબર ૨૦૯૩૯ અમદાવાદ-સુલ્તાનપુર અઠવાડિક સુપરફાસ્ટ એક્સપ્રેસનું ટર્મિનલ ૨૬ માર્ચ, ૨૦૨૪ થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવ્યું છે અને આ ટ્રેન ૦૮.૨૦ કલાકે સાબરમતી સ્ટેશનથી કલાકે ઉપડશે.ટ્રેન નંબર ૨૦૯૪૦ સુલ્તાનપુર-અમદાવાદ અઠવાડિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨૭ માર્ચ, ૨૦૨૪થી સાબરમતીમાં ટર્મિનેટ થશે અને આ ટ્રેન ૨૧.૩૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.ટ્રેન નંબર ૧૯૪૧૫ અમદાવાદ-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા અઠવાડિક એક્સપ્રેસનું ટર્મિનલ ૩૧ માર્ચ, ૨૦૨૪થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૨૦.૪૫ કલાકે ઉપડશે.ટ્રેન નંબર ૧૯૪૧૬ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-અમદાવાદ અઠવાડિક એક્સપ્રેસ ૦૨ એપ્રિલ, ૨૦૨૪થી સાબરમતીમાં ટર્મિનેટ થશે અને ૨૧.૩૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.ટ્રેન નંબર ૧૯૪૦૧ અમદાવાદ-લખનૌ અઠવાડિક એક્સપ્રેસનું ટર્મિનલ ૦૧ એપ્રિલ, ૨૦૨૪થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૧૦.૦૫ કલાકે ઉપડશે.ટ્રેન નંબર ૧૯૪૦૨ લખનૌ-અમદાવાદ અઠવાડિક એક્સપ્રેસ ૦૨ એપ્રિલ, ૨૦૨૪ થી સાબરમતીમાં ટર્મિનેટ થશે તથા ૨૩.૨૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.અમદાવાદથી ગાંધીનગર કેપિટલમાં સ્થાનાંતરિત કરાયેલી ટ્રેનો ટ્રેન નંબર ૨૨૯૫૭ અમદાવાદ-વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસનું ટર્મિનલ ૦૨ એપ્રિલ, ૨૦૨૪થી ગાંધીનગર કેપટિલ સ્થળાંતરિત કરવામાં આવ્યું છે અને આ ટ્રેન ગાંધીનગર કેપિટલ સ્ટેશનથી ૨૧.૫૫ કલાકે ઉપડશે. આ ટ્રેનને ચાંદલોડિયા સ્ટેશન (B) પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે અને આ ટ્રેનના આગમન/પ્રસ્થાનનો સમય ૨૨.૧૮/૨૨.૨૦ કલાક હશે.ટ્રેન નંબર ૨૨૯૫૮ વેરાવળ-અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૦૧ એપ્રિલ, ૨૦૨૪થી ગાંધીનગર કેપિટલ ઉપર ટર્મિનેટ થશે અને ૦૫.૫૫ કલાકે ગાંધીનગર કેપટિલ સ્ટેશને પહોંચશે. આ ટ્રેનને ચાંદલોડિયા સ્ટેશન (B) પર વધારાનું સ્ટોપેજ રહેશે અને આ ટ્રેનના આગમન/પ્રસ્થાનનો સમય ૦૫.૧૦/૦૫.૧૨ કલાક હશે.ટ્રેન નંબર ૧૯૨૨૩ અમદાવાદ–જમ્મૂ તવી એક્સપ્રેસનું ટર્મિનલ ૦૨ એપ્રિલ, ૨૦૨૪થી ગાંધીનગર કેપિટલ સ્થળાંતરિત કરવામાં આવ્યું છે અને આ ટ્રેન ગાંધીનગર કેપિટલ સ્ટેશનથી ૧૧.૨૦ કલાકે ઉપડશે. આ ટ્રેન સાબરમતી સ્ટેશન ઉપર જશે નહીં.ટ્રેન નંબર ૧૯૨૨૪ જમ્મુ તવી-અમદાવાદ એક્સપ્રેસ ૦૧ એપ્રિલ, ૨૦૨૪ થી ગાંધીનગર કેપિટલ ઉપર ટર્મિનેટ થશે અને ૧૩.૩૦ કલાકે ગાંધીનગર કેપટિલ સ્ટેશને પહોંચશે. આ ટ્રેન સાબરમતી સ્ટેશન ઉપર જશે નહીં.

### લોકસભા ચૂંટણી પહેલા પંજાબથી સૌથી મોટા સમાચાર સામે આવ્યા

# બીજેપીએ પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી

### રાજ્યમાં લોકો અને પાર્ટી કાર્યકર્તાઓના અભિપ્રાયના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે

પંજાબ તા.૨૬

લોકસભા ચૂંટણી પહેલા પંજાબથી સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ભારતીય જનતા પાર્ટીએ આગામી લોકસભા ચૂંટણીમાં પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. શિરોમણી અકાલી દળ સાથે ગઠબંધનની કોઈ વાત થઈ નથી. પંજાબ BJP અધ્યક્ષ સુનીલ જાખરે વીડિયો સંદેશ દ્વારા આ અંગેની માહિતી આપી હતી. જાખરે કહ્યું કે, રાજ્યમાં લોકો અને પાર્ટી કાર્યકર્તાઓના અભિપ્રાયના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પંજાબની ૧૩ લોકસભા સીટો માટે ૧ જૂને મતદાન થશે.

સૂત્રોનું માનીએ તો ભાજપ અને અકાલી દળ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને મતભેદો હતા જેના કારણે બંને પક્ષો વચ્ચે ગઠબંધન પર વાતચીત થઈ શકી ન હતી. અકાલી દળે ૯ બેઠકો પર ચૂંટણી લડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને બાકીની ચાર બેઠકો ભાજપને આપવાની ઓફર કરી હતી. જોકે ભાજપે PM મોદીની વ્યાપક લોકપ્રિયતાને પ્રતિબિંબિત કરતા મોટો હિસ્સો માંગ્યો હતો.SAD એ રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)ના ભાગ રૂપે ભાજપ સાથે પંજાબમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણી લડી હતી. પરંતુ બંને પક્ષો વધુ નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત કરી શક્યા ન હતા. કોંગ્રેસે ૧૩માંથી ૮ બેઠકો જીતી હતી. ગુરુદાસપુર અને હોશિયારપુર સીટ ભાજપને ગઈ. અકાલી દળે ફિરોઝપુર અને ભટિંડા બેઠકો જીતી હતી. સંગરુર બેઠક પર આમ આદમી પાર્ટીએ જીત મેળવી હતી.કેન્દ્ર દ્વારા લાવવામાં આવેલા ત્રણ કૃષિ કાયદાઓના વિરોધમાં શિરોમણી અકાલી દળે સપ્ટેમ્બર ૨૦૨૦ માં ભાજપ સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. ખેડૂતોના વ્યાપક વિરોધ બાદ મોદી સરકારે ત્રણેય કાયદા પાછા ખેંચી લીધા હતા. સુનીલ જાખરે કહ્યું કે, પંજાબના યુવાનો, ખેડૂતો, વેપારીઓ, મજૂરો અને દરેકના ભવિષ્ય માટે ભાજપે રાજ્યમાં એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન મોદીના કાર્યકાળમાં પંજાબમાં જે કામ થયું છે તે અન્ય કોઈએ કર્યું નથી. MSP પર કાયદો લાવવાની માંગ સાથે ખેડૂતો ફરી એકવાર વિરોધ કરી રહ્યા છે. આના પર પંજાબ BJPના વડાએ સુનીલ જાખરે કહ્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા જે પણ પાક પર MSP જાહેર કરવામાં આવી છે તે તમામ પાક MSP પર ખરીદવામાં આવી રહ્યા છે અને થોડા અઠવાડિયામાં ખેડૂતોના ખાતામાં પૈસા પહોંચી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, કરતારપુર કોરિડોર જેના માટે લોકો દાયકાઓથી વિનંતી કરી રહ્યા હતા તે વાહેગુરુના આશીર્વાદથી PM મોદીના કારણે જ શક્ય બન્યું. કરતારપુર કોરિડોર ભારતીય શીખોને પાકિસ્તાનમાં સરહદ પાર સ્થિત કરતારપુર સાહિબ ગુરુદ્વારામાં વિઝા-મુક્ત 'દર્શન' પ્રદાન કરે છે. સુનીલ જાખરે કહ્યું કે, અમે પંજાબના ઉજ્જ્વળ ભવિષ્ય માટે આ નિર્ણય લીધો છે. મને વિશ્વાસ છે કે પંજાબના લોકો આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપને મત આપીને દેશની પ્રગતિમાં સાથ આપશે.

### ચીનની વધતી ગતિવિધિને જોતા ભારતે ઉઠાવ્યું મોટું પગલુ

# ભારતે હિન્દ મહાસાગર પર ૩૫ યુદ્ધ જહાજ અને ૧૧ સબમરીન તૈનાત કર્યા

### હિંદ મહાસાગરમાં ચીનની વધતી ગતિવિધિ અને ચાંચિયાઓના આતંકને જોતા ભારતે મોટું પગલું ભર્યું છે

નવીદિલ્લી,તા.૨૬,હિંદ મહાસાગરમાં ચીનની વધતી ગતિવિધિ અને ચાંચિયાઓના આતંકને જોતા ભારતે મોટું પગલું ભર્યું છે. વાત જાણે એમ છે કે, ભારતે હિંદ મહાસાગર અને તેની આસપાસના વિસ્તારોમાં રેકોર્ડ ૧૧ સબમરીન તૈનાત કરી છે જે પાણીમાં મોટું ઓપરેશન હાથ ધરી છે. આ સાથે ભારતીય નૌકાદળે ૩૫ યુદ્ધ જહાજો પણ તૈનાત કર્યા છે જે સતત દેખરેખ અને પેટ્રોલિંગ કામગીરી કરી રહ્યા છે. દરિયાઈ વિસ્તારમાં ૫ એરક્રાફ્ટ પણ તૈનાત કરવામાં આવ્યા છે જેથી જરૂર પડ્યે તરત જ હવાઈ મદદ મળી શકે. તાજેતરના વર્ષોમાં ચીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં તેની હાજરી મજબૂત કરી છે. વિવિધ પ્રવૃત્તિઓના બહાના હેઠળ ચીન આ વિસ્તારમાં સતત નૌકાદળના જહાજો, સેટેલાઈટ ટ્રેકર્સ અને સબમરીન મોકલી રહ્યું છે. હવે ભારતે પણ પોતાની સ્થિતિ મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું ભર્યું છે. હિંદ મહાસાગરમાં ચીનની વધતી ગતિવિધિ અને ચાંચિયાઓના આતંકને જોતા ભારતે મોટું પગલું ભર્યું છે. વાત જાણે એમ છે કે, ભારતે હિંદ મહાસાગર અને તેની આસપાસના વિસ્તારોમાં રેકોર્ડ ૧૧ સબમરીન તૈનાત કરી છે જે પાણીમાં મોટું ઓપરેશન હાથ ધરી છે. આ સાથે ભારતીય નૌકાદળે ૩૫ યુદ્ધ જહાજો પણ તૈનાત કર્યા છે જે સતત દેખરેખ અને પેટ્રોલિંગ કામગીરી કરી રહ્યા છે. દરિયાઈ વિસ્તારમાં ૫ એરક્રાફ્ટ પણ તૈનાત કરવામાં આવ્યા છે જેથી જરૂર પડ્યે તરત જ હવાઈ મદદ મળી શકે. તાજેતરના વર્ષોમાં ચીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં તેની હાજરી મજબૂત કરી છે. વિવિધ પ્રવૃત્તિઓના બહાના હેઠળ ચીન આ વિસ્તારમાં સતત નૌકાદળના જહાજો, સેટેલાઈટ ટ્રેકર્સ અને સબમરીન મોકલી રહ્યું છે. હવે ભારતે પણ પોતાની સ્થિતિ મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું ભર્યું છે. નૌકાદળના વડા એડમિરલ આર. હરિ કુમારે કહ્યું કે, હાલમાં ૧૧ સબમરીન, ૩૫ યુદ્ધ જહાજ અને પાંચ એરક્રાફ્ટ સમુદ્રમાં કાર્યરત છે. તેમાંથી ૧૦ યુદ્ધ જહાજો પશ્ચિમી સમુદ્રતટમાં તૈનાત છે અને જ્યાં સુધી આ સમગ્ર વિસ્તાર સુરક્ષિત ન થાય ત્યાં સુધી તે કાર્યરત રહેશે. તેનો ઉદ્દેશ્ય વ્યાપારી જહાજોની સલામત હિલચાલ સુનિશ્ચિત કરવાનો છે. છેલ્લા કેટલાક મહિનામાં સુએઝ કેનાલ પર સોમાલિયન ચાંચિયાઓનો પ્રકોપ ઘણો વધી ગયો છે. કોમર્શિયલ જહાજો પર મિસાઈલ હુમલાની ઘટનાઓ પણ પ્રકાશમાં આવી છે. સુરક્ષાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને ઘણા વ્યવસાયિક જહાજોએ આ માર્ગ પર સફર કરવાનું બંધ કરી દીધું છે. હવે કેપ ઓફ ગુડ હોપનો માર્ગ અપનાવવામાં આવી રહ્યો છે. આ રસ્તો ઘણો લાંબો છે.નેવલ સ્ટાફના વડા એડમિરલ આર. હરિ કુમારે નેવીના ઈસ્ટર્ન કમાન્ડ (વિશાખાપટ્ટનમ)માં ૩ દિવસ ગાળ્યા. આ દરમિયાન તેમણે દરિયાઈ વિસ્તારમાં ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી. તમને જણાવી દઈએ કે, ચીન હિંદ મહાસાગરમાં સતત પોતાની હાજરી વધારી રહ્યું છે. ભારતે એવા સમયે હિંદ મહાસાગરમાં મોટી તૈનાતી કરી છે જ્યારે આ વિસ્તારમાં ચીનના છ લશ્કરી જહાજો સાથે કુલ ૧૩ જહાજો હાજર છે. આમાંથી એક સેટેલાઈટ ટ્રેકિંગ સિસ્ટમ પણ છે.

### ૪ એપ્રિલે હાજર થવાનો આદેશ આપ્યો છે

# ઈમરાન ખાન અને તેમની પત્નીને કોર્ટમાં હાજર થવા માટે આદેશ

### પાકિસ્તાની મીડિયા અનુસાર જસ્ટિસ તાહિર અબ્બાસે જામીન અરજી પર સુનાવણી કરી અને બંને માટે કોર્ટમાં હાજર થવાનો ઓર્ડર જાહેર કર્યો છે

ઈસ્લામાબાદ,તા.૨૬

પાકિસ્તાનના ઈસ્લામાબાદની એક જિલ્લા અને સેશન્સ કોર્ટે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને ૪ એપ્રિલે હાજર થવાનો આદેશ આપ્યો છે. પાકિસ્તાની મીડિયા અનુસાર જસ્ટિસ તાહિર અબ્બાસે જામીન અરજી પર સુનાવણી કરી અને બંને માટે કોર્ટમાં હાજર થવાનો ઓર્ડર જાહેર કર્યો છે. કોર્ટમાં પક્ષના વકીલ ખાલિદ યુસુફ ચૌધરી પણ હાજર હતા. કોર્ટે અદિયાલા જેલના સુપ્રિટેન્ડેન્ટને ઈમરાન ખાનને હાજર કરવાનો આદેશ આપ્યો હતો. અગાઉ, ઈસ્લામાબાદની જિલ્લા અને સત્ર અદાલતે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના સ્થાપક ઈમરાન ખાનને તેમની સામે દાખલ કરાયેલા બે કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. ઈસ્લામાબાદમાં પાર્ટીની લોંગ માર્ચ દરમિયાન ઈમરાન ખાન વિરુદ્ધ લુહી ભીર અને સહલા પોલીસ સ્ટેશનમાં બે કેસ નોંધવામાં આવ્યા છે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આયેશા કુંડીએ બંને કેસમાં તેને નિર્દોષ જાહેર કર્યા હતા.ઈસ્લામાબાદ હાઈકોર્ટે અદિયાલા જેલના સુપરિન્ટેન્ડેન્ટને ઈમરાન ખાન અને તેમના વકીલો વચ્ચે સુરક્ષા મુદ્દાઓનું નિરાકરણ ન થાય ત્યાં સુધી બેઠક ગોઠવવાનો નિર્દેશ આપ્યો છે. મીડિયા રિપાર્ટ મુજબ, ઈમરાન ખાનના વકીલે કહ્યું કે સુરક્ષાના મુદ્દાઓને કારણે તેમના ક્લાયન્ટને મળવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે ઈમરાન ખાન પદ છોડ્યા બાદથી ૧૦૦થી વધુ કેસોનો સામનો કરી રહ્યા છે. અદિયાલા હાલ તોશાખાના, સિફર અને ગેરકાયદેસર લગ્નના કેસમાં દોષી સાબિત થયા બાદ જેલમાં બંધ છે.અન્ય એક કેસમાં સ્થાનિક કોર્ટે ઈમરાન ખાન અને તેમની પાર્ટીના નેતા શાહ મહેમૂદ કુરેશી સમક્ષ હાજર થવાનો આદેશ જાહેર કર્યો છે. જેમાં અદિયાલા જેલના અધિકારીઓને તેને ૨૦ એપ્રિલ પહેલા કોર્ટમાં હાજર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે સંસદ હુમલાના કેસ સાથે સંબંધિત અરજી પર સુનાવણી કરતા ઓર્ડર જાહેર કર્યો છે. જેમાં ખાન અને કુરેશીને કોર્ટની કાર્યવાહીમાં હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે.આ કેસમાં ખાનના વકીલ નઈમ પંજોથાએ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મુરીદ અબ્બાસ સમક્ષ પોતાની દલીલો રજૂ કરી હતી. કોર્ટને એ પણ જણાવ્યું કે અદિયાલા જેલના સુપરિન્ટેન્ડેન્ટ કોઈ આદેશનું પાલન કરતા નથી. તેમણે કોર્ટને કહ્યું કે જેલ સત્તાવાળાઓએ આદેશનું પાલન કરવું જોઈએ અને ખાનને તેમની સમક્ષ હાજર કરવા જોઈએ. વિડિયો લિંક દ્વારા હાજરીની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને, મેજિસ્ટ્રેટે ઈ-કોર્ટમાં ભૌતિક હાજરીની પ્રાથમિકતા પર ભાર મૂક્યો હતો.

### લોકસભા બેઠક પર કોંગ્રેસનો પેંચ ફસાયેલો છે

# સૌરાષ્ટ્રની ત્રણ બેઠકો પર કોંગ્રેસમાં મંથન યથાવત

**સૌરાષ્ટ્ર અને કચ્છની કુલ ૮ બેઠકો પૈકી પાંચ બેઠકોના નામ કોંગ્રેસ અને તેના ગઠબંધન દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.જો કે હજુ પણ ત્રણ બેઠકો પર કોંગ્રેસ દ્વારા મંથન ચાલી રહ્યું છે**

રાજકોટ, તા.૨૬

સૌરાષ્ટ્ર અને કચ્છની કુલ ૮ બેઠકો પૈકી પાંચ બેઠકોના નામ કોંગ્રેસ અને તેના ગઠબંધન દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.જો કે હજુ પણ ત્રણ બેઠકો પર કોંગ્રેસ દ્વારા મંથન ચાલી રહ્યું છે.આ ત્રણ બેઠકોમાં જુનાગઢ, સુરેન્દ્રનગર અને રાજકોટ લોકસભા બેઠકનો સમાવેશ થાય છે. આ ત્રણેય બેઠકો પર કોંગ્રેસ દ્વારા જાતિગત રણનિતી ઘડાઈ રહી છે. ત્રણેય બેઠક પર ભાજપે તેના ઉમેદવાર જાહેર કરી દીધા છે ત્યારે તેને ટક્કર આપી શકે તેવા ઉમેદવારને ટિકિટ આપવાની રણનિતી ઘડી રહ્યું છે. રાજકોટ, સુરેન્દ્રનગર અને જુનાગઢ લોકસભા બેઠક પર કોંગ્રેસ મુરતીયાઓ પર મંથન કરી રહ્યા છે. રાજકોટ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે અને આ વખતે આ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રુપાલા મેદાને છે ત્યારે તેની સામે કોંગ્રેસે પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીને મેદાને ઉતારવાની રણનિતી બનાવી હતી પરંતુ પરેશ ધાનાણીએ લડવાની ના પાડતા હવે રાજકોટમાં ઉમેદવારને લઈને પેંચ ગુચવાયેલો છે.

આ બેઠક પર કોંગ્રેસ કડવા પાટીદાર નેતા સામે લેઉવા અથવા ઓબીસીનો દાવ રમવાની રણનિતી ઘડી રહ્યું છે ત્યારે આ બેઠક પર હાલના સંજોગોમાં હિતેષ વોરા અથવા તો કોળી સમાજના કોઈ આગેવાનનું નામ ચર્ચામાં છે.આ ઉપરાંત ડૉ.હેમાંગ વસાવડા અને ઈન્દ્રનીલ રાજયગુરૂના નામ પણ ચર્ચાઈ રહ્યા છે. આ સીટ પર કોંગ્રેસના એક જુથ દ્વારા વિક્રમ સોરાણીનું નામ ઓબીસી નેતા તરીકે મૂકવામાં આવ્યું હતું પરંતુ આ કોંગ્રેસના નેતાઓ દ્વારા તેનો વિરોધ કરીને આ સીટ પર સ્થાનિક અને મૂળ કોંગ્રેસી નેતાને ટિકિટ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.વાત જુનાગઢ બેઠકની કરીએ તો આ બેઠક પણ કોળી સમાજના પ્રભુત્વવાળી બેઠક છે. ભાજપે આ સીટ પર રાજેશ ચુડાસમાને રિપીટ કર્યા છે. જેની સામે કોંગ્રેસ પ્રદેશ ઉપાધ્યાક્ષ અને આહિર સમાજના અગ્રણી હિરા જોટવાને મેદાને ઉતારી શકે છે. એક શક્યતા એવી પણ વર્તાઈ રહી છે કે ભાજપના કોળી ઉમેદવારની સામે કોળી સમાજને મેદાને ઉતારવા માટે ધારાસભ્ય વિમલ ચુડાસમાના અંગત વ્યક્તિને પણ ટિકિટ ફાળવી શકાય છે જો કે હાલના સંજોગોમાં હિરા જોટવાનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે.રાજકોટ લોકસભા બેઠક પર કોંગ્રેસનો પેંચ ફસાયેલો છે. નામને લઈને કોંગ્રેસમાં જુથવાદ ચરમસીમા પર જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજયગુરૂએ વિક્રમ સોરાણીનું નામ મૂક્યું હતું. જેની સામે મહેશ રાજપૂત, હેમાંગ વસાવડા સહિતના નેતાઓએ નારાજગી દર્શાવી હતી. આ સીટ પર લેઉવા પાટીદાર સમાજમાંથી પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિતેશ વોરાનું નામ પણ ચર્ચામાં છે. જો કે જેની સામે એક જુથને વાંધો છે. ટૂંકમાં રાજકોટ લોકસભા બેઠક માટે સર્વસંમતિ સધાતી ન હતી. જેના કારણે જ ગત રવિવારે શક્તિસિંહ ગોહિલે રાજકોટના તમામ નેતાઓ સાથે બેઠક કરી હતી અને ચીમકી આપી હતી કે પાર્ટીમાં રજૂઆત કરી શકાશે પરંતુ જો શિસ્ત ભંગ કર્યો તો ગમે તેવા મોટા નેતા હશે તેમને કાઢી મુકવામાં આવશે. ત્યારે હવે સર્વ સંમતિ સાધવા માટે કોંગ્રેસ પ્રયત્ન કરી રહ્યું છે. ત્યારે ક્યારે આ નામ જાહેર થશે તેના પર સૌની નજર ટકેલી છે.

### ધીમું ઝેર આપવાનો હતો આરોપ

# જેલમાં બંધ માફિયા ડોન મુખ્તાર અંસારીની તબિયત બગડી

**અંસારીએ તેની સુનાવણી દરમિયાન ઘણી વખત કોર્ટમાં અરજી કરી હતી કે, જેલમાં સારી તબીબી સુવિધાઓ મળી રહી નથી**

બાંદા, તા.૨૬

સોમવારે મોડી રાત્રે ઉત્તર પ્રદેશની બાંદા જેલમાં માફિયા મુખ્તાર અંસારીની તબિયત અચાનક બગડતાં જિલ્લા વહીવટીતંત્ર નિરાશ થઈ ગયું હતું. ઉતાવળમાં મુખ્તાર અંસારીને બાંદા જેલમાંથી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યો. મુખ્તાર અંસારી આઈસીયુમાં સારવાર હેઠળ છે. મળતી માહિતી મુજબ, માફિયા મુખ્તાર અંસારીને નર્વસનેસ અને છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન માહિતી મળતાં મુખ્તાર અંસારીના પરિવારના સભ્યો પણ બાંદા મેડિકલ કોલેજ પહોંચી ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સોમવારે મોડી રાત્રે મુખ્તાર અંસારીની તબિયત બગડ્યા બાદ જેલ પ્રશાસન દ્વારા ડોક્ટરોને બોલાવવામાં આવ્યા હતા.

તપાસ બાદ ડોકટરોએ મુખ્તારને મેડિકલ કોલેજના આઈસીયુમાં દાખલ કરવાની સલાહ આપી. જે બાદ મુખ્તારને કડક સુરક્ષા વચ્ચે મેડિકલ કોલેજના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો છે. થોડા દિવસ પહેલા જ જીવના જોખમની જાણકારી આપી હતી. નોંધનીય છે કે, મુખ્તાર અંસારીએ તેની સુનાવણી દરમિયાન ઘણી વખત કોર્ટમાં અરજી કરી હતી કે, તેને જેલમાં સારી તબીબી સુવિધાઓ મળી રહી નથી. આટલું જ નહીં, તેણે બાંદા જેલમાં કંઈક અઘટિત થવાની આશંકા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, તેના જીવને ખતરો છે. મુખ્તાર અંસારીએ પોતાના વકીલ એડવોકેટ રણધીર સિંહ સુમન મારફત જજ કમલકાંત શ્રીવાસ્તવ સમક્ષ અરજી પણ આપી હતી.

૧૯ માર્ચે આપવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે, જેલમાં મુખ્તાર અંસારીને આપવામાં આવેલા ખોરાકમાં કોઈ ઝેરી પદાર્થ હતો. આ ખાધા પછી મુખ્તારને ગભરાટ થવા લાગ્યો અને તેના હાથ-પગ ઠંડા થઈ ગયા અને તેને લાગ્યું કે તે તરત જ મરી જશે. અરજીમાં કહેવામાં આવ્યું હતુ કે, ૪૦ દિવસ પહેલા આપવામાં આવેલા ખોરાકમાં સ્લો પોઈઝન હતું. તેને ચાખ્યા બાદ જેલના કર્મચારીઓની તબિયત પણ લથડી હતી. હવે ૧૯ માર્ચે પણ આવું જ થયું હતું. એવું લાગે છે કે, જેલમાં કોઈ ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.

### લોકસભાની સાથે સાથે ગુજરાતમાં વિધાનસભાની પેટા ચૂંટણી

# ભાજપે વિધાનસભા પેટા ચૂંટણી માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી

**ગુજરાતમાં ૫, હિમાચલ પ્રદેશમાં ૬, કર્ણાટકમાં ૧ અને પશ્ચિમ બંગાળમાં ૨ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે**

અમદાવાદ,તા.૨૬

ભારતીય જનતા પાર્ટીએ સિક્કિમ વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આ સાથે ૪ રાજ્યોમાં પેટાચૂંટણી માટે ઉમેદવારોના નામની પણ જાહેરાત કરવામાં આવી છે. પાર્ટીએ સિક્કિમમાં ૯ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ગુજરાતમાં ૫, હિમાચલ પ્રદેશમાં ૬, કર્ણાટકમાં ૧ અને પશ્ચિમ બંગાળમાં ૨ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. ભાજપે સિક્કિમમાં ઉમેદવારોની પ્રથમ યાદીમાં ૧૪ નામોની જાહેરાત કરી હતી. હવે બીજી યાદી આવતાં જ ૨૩ બેઠકો પર ભાજપના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. અહીં કુલ ૩૨ વિધાનસભા બેઠકો અને ૧ લોકસભા બેઠક છે.

લોકસભાની સાથે સાથે ગુજરાતમાં વિધાનસભાની પેટા ચૂંટણી પણ થવાની છે. તેના માટે ભાજપે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. રાજીનામું આપનાર ધારાસભ્યને ભાજપે ટિકિટ આપી છે. જે પાંચ સીટ માટે ભાજપે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે તેમાં પોરબંદરથી અર્જુનભાઈ મોઢવાડીયા, વિજાપુરથી ચતુરસિંહ ચાવડા, માણાવદરથી અરવિંદ લાડાણી, ખંભાતથી ચિરાગકુમાર પટેલ, વાઘોડિયાથી ધર્મેન્દ્રસિંહ વાઘેલાના નામની જાહેરાત કરવામાં આવી છે.લોકસભાની સાથે સાથે ગુજરાતની ૨૬ બેઠકો પર સાતમી મેએ મતદાન થશે. ત્રીજા તબક્કામાં યોજાશે ગુજરાતનું મતદાન યોજાશે, ગુજરાત સહિત તમામની મતગણતરી ચોથી જૂનના રોજ થશે. વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી પણ સાતમી મેના રોજ થશે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ સાત તબક્કામાં યોજાશે

પ્રથમ તબક્કો : ૧૯મી એપ્રિલ<br>
બીજો તબક્કો : ૨૬મી એપ્રિલ<br>
ત્રીજો તબક્કો : સાતમી મે<br>
ચોથો તબક્કો : ૧૩મી મે<br>
પાંચમો તબક્કો : ૨૦મી મે<br>
છઠ્ઠો તબક્કો : ૨૫મી મે<br>
સાતમો તબક્કો: પહેલી જૂન<br>
પરિણામો: ચોથી જૂન

૧૮૨ સભ્યો વાળી ગુજરાત વિધાનસભાની ૨૦૨૨માં ચૂંટણી યોજાઈ હતી. ત્યારે ભાજપે ૧૫૬ બેઠકો પર જીત મેળવી હતી અને કોંગ્રેસને ૧૭, આમ આદમી પાર્ટીને ૫, અપક્ષના ૩ અને સમાજવાદી પાર્ટીની ૧ બેઠક પર જીત મળી હતી. વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ અત્યાર સુધીમાં છ ધારાસભ્યોએ રાજીનામાં આપ્યા છે. ત્યારબાદ ગુજરાત વિધાનસભાની હાલની સ્થિતિ ભાજપના ૧૫૬, કોંગ્રેસ ૧૩, આમ આદમી પાર્ટી ૪, અપક્ષ ૨ અને સપાના ૧ ધારાસભ્ય છે. જેને લઈને આ ખાલી પડેલી છ વિધાનસભા બેઠકો માટે લોકસભા ચૂંટણીની સાથે જ પેટાચૂંટણી યોજાશે. ત્યારે આ બેઠકો પોતાના નામે કરવા રાજકીય પક્ષોએ કમર કસવી પડે તેમ છે.

### સુરક્ષા દળોએ નેવલ એરબેઝ પરના હુમલાને નિષ્ફળ બનાવ્યો

# બલૂચિસ્તાનમાં પાકિસ્તાનના બીજા સૌથી મોટા નેવલ એરબેઝ પર હુમલો

**આતંકવાદીઓએ તુર્બત ઇન્ટરનેશનલ એરપોર્ટ (TUK) અને પાકિસ્તાનના બીજા સૌથી મોટા નેવલ એર સ્ટેશનઁ દ્રજી સિદ્દીક પર હુમલો કર્યો હતો**

પાકિસ્તાન,તા.૨૬

આતંકવાદીઓએ સોમવારે રાત્રે પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં તુર્બત ઈન્ટરનેશનલ એરપોર્ટ અને નેવલ એર બેઝ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાની સુરક્ષા દળોએ નેવલ એરબેઝ પરના હુમલાને નિષ્ફળ બનાવ્યો અને ચાર આતંકવાદીઓને ઠાર કર્યા હતા. હુમલામાં સિદીક એરબેઝને કોઈ નુકસાન થયું નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે જ્યારે આતંકવાદીઓએ બલૂચિસ્તાનના તુર્બત જિલ્લામાં નેવલ એરબેઝમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો ત્યારે તરત જ તેમની ઓળખ કરી લેવામાં આવી હતી અને તેમને ઠાર મારવામાં આવ્યા હતા. જો કે આ ઘટના અંગે પાકિસ્તાની સેનાએ હજુ સુધી કોઈ ટિપ્પણી કરી નથી.

એક રિપોર્ટ અનુસાર, સોમવારે રાત્રે આતંકવાદીઓએ તુર્બત ઈન્ટરનેશનલ એરપોર્ટ (TUK) અને પાકિસ્તાનના બીજા સૌથી મોટા નેવલ એર સ્ટેશન PNS સિદીક પર હુમલો કર્યો હતો. બંન્ને સ્થળો પર ભારે ગોળીબાર અને વિસ્ફોટના અહેવાલ છે. ન્યૂઝ એજન્સી એએનઆઈએ ધ બલૂચિસ્તાન પોસ્ટને ટાંકીને કહ્યું કે તુર્બતમાં પાકિસ્તાનના બીજા સૌથી મોટા નેવલ એર સ્ટેશન PNS સિદીક પર આતંકી હુમલો થયો છે. આ વિસ્તારમાં અનેક વિસ્ફોટના પણ અહેવાલ છે. આતંકવાદી હુમલા બાદ આરોગ્ય અધિકારીઓએ તુર્બતની હોસ્પિટલોમાં ઈમરજન્સી જાહેર કરી છે અને તમામ ડોકટરોને તાત્કાલિક ફરજ પર હાજર થવા માટે કહેવામાં આવ્યું છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર પ્રતિબંધિત બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA)ના માજિદ બ્રિગેડે તુર્બતમાં નેવલ એરબેઝ પર થયેલા હુમલાની જવાબદારી લીધી છે. માજિદ બ્રિગેડ બલૂચિસ્તાન પ્રાંતમાં ચીનના રોકાણનો વિરોધ કરે છે. સંગઠનનો આરોપ છે કે ચીન અને પાકિસ્તાન ક્ષેત્રના સંસાધનોનો દુરુપયોગ કરી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, BLAએ દાવો કર્યો છે કે તેના ઘણા ફાઈટર્સ એરબેઝમાં ઘૂસી ગયા છે. આ એરબેઝ પર ચીની ડ્રોન પણ તૈનાત છે.

આ પહેલા ૨૦ માર્ચે BLAની માજિદ બ્રિગેડે બલૂચિસ્તાનમાં સ્થિત ગ્વાદર પોર્ટ ઓથોરિટી કોમ્પ્લેક્સમાં આતંકી હુમલો કર્યો હતો, જેમાં બે પાકિસ્તાની સૈનિકો અને ૮ આતંકવાદીઓ માર્યા ગયા હતા. પાકિસ્તાની સેનાએ એક નિવેદનમાં કહ્યું હતું કે આઠ આતંકવાદીઓએ પોર્ટ ઓથોરિટી કોમ્પ્લેક્સમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સુરક્ષા દળોએ આ હુમલાને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યો હતો.

ચીનની ભાગીદારીમાં બનેલ ગ્વાદર પોર્ટ ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) માટે મહત્વપૂર્ણ છે. જેમાં અબજો ડોલરના રોડ અને એનર્જી પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. તે બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI)નો પણ એક ભાગ છે.

### ગુજરાતમાં વિધાનસભાની ૫ બેઠકો માટે પેટા ચૂંટણી

# વાઘોડિયા બેઠક પરથી ભાજપે ધર્મેન્દ્રસિંહ વાઘેલાને મેદાને ઉતાર્યા

**ધર્મેન્દ્રસિંહ વાઘેલા પહેલા ભાજપમાં જ હતા બાદમાં તેઓ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં અપક્ષમાંથી ચૂંટણી લડ્યા અને જીત્યા પણ હતા**

અમદાવાદ, તા.૨૬

ધર્મેન્દ્રસિંહ વાઘેલા ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વાઘોડિયા બેઠક પરથી અપક્ષ તરીકે ચૂંટાયા હતા. બાદમાં તેઓ ભાજપમાં જોડાતા આ બેઠક ખાલી પડી હતી, ત્યારે હવે પેટા ચૂંટણીમાં ભાજપ તરફથી આ બેઠક પર ધર્મેન્દ્રસિંહ વાઘેલા ચૂંટણી લડશે.લોકસભા ચૂંટણીની સાથે ગુજરાતમાં વિધાનસભાની ૫ બેઠકો માટે પેટા ચૂંટણી પણ યોજાવાની છે, ત્યારે આ ૫ બેઠકો માટે ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત પણ કરવામાં આવી છે. આ ૫ બેઠકોમાં એક બેઠક વડોદરાની વાઘોડિયાનો પણ સમાવેશ થાય છે. આ બેઠક પરથી ભાજપે ઉમેદવાર તરીકે ધર્મેન્દ્રસિંહ વાઘેલાને મેદાને ઉતાર્યા છે. ધર્મેન્દ્રસિંહ વાઘેલા ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વાઘોડિયા બેઠક પરથી અપક્ષ તરીકે ચૂંટાયા હતા. બાદમાં તેઓ ભાજપમાં જોડાતા આ બેઠક ખાલી પડી હતી, ત્યારે હવે પેટા ચૂંટણીમાં ભાજપ તરફથી આ બેઠક પર ધર્મેન્દ્રસિંહ વાઘેલા ચૂંટણી લડશે.

ધર્મેન્દ્રસિંહ વાઘેલા વડોદરા ગ્રામ્યના બાહુબલી નેતા તરીકેની છાપ ધરાવે છે. તેઓ ક્ષત્રિય રાજપૂત સમાજમાં વર્ચસ્વ ધરાવે છે. ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ધર્મેન્દ્રસિંહ વાઘેલા ૭૭,૯૦૫ મતો સાથે ચૂંટાયા હતા. તેમણે આ બેઠક પર દિગ્ગજ નેતા મધુ શ્રીવાસ્તવને હરાવ્યા હતા. તેઓ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં સૌથી ધનવાન ઉમેદવાર હતા.ધર્મેન્દ્રસિંહ વાઘેલા પહેલા ભાજપમાં જ હતા બાદમાં તેઓ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં અપક્ષમાંથી ચૂંટણી લડ્યા અને જીત્યા પણ હતા. જો કે હવે તેઓ ફરી ભાજપમાં જોડાયા છે અને વાઘોડિયા બેઠક પરથી જ ફરી ચૂંટણી લડશે.વાઘોડિયા બેઠક વડોદરા લોકસભામાં આવે છે. વાઘોડિયા ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પૈકી ૧૩૬ નંબરની બેઠક છે. વાઘોડિયા બેઠક પર કુલ ૨,૪૬,૫૭૫ મતદારો છે, જેમાં ૧,૨૬,૯૦૬ પુરુષ અને ૧,૧૯,૬૬૬ મહિલા મતદારો અને અન્ય ૩ મતદારોનો સમાવ્શ થાય છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આ બેઠક પર ૭૩.૮૮ ટકા મતદાન થયું હતું.

### ત્રણેય ઋતુનો અનુભવ થતાં રોગચાળો વકર્યો છે

# અમદાવાદમાં કોરોનાના બે દર્દીને દાખલ કરાયા

**સોલા હોસ્પિટલમાં એક સપ્તાહમાં ૧૦ હાજરથી વધુ દર્દીઓ સારવાર હેઠળ**

અમદાવાદ,તા.૨૬

માર્ચ મહિનામાં એક સાથે ત્રણેય ઋતુનો અનુભવ થતાં રોગચાળો વકર્યો છે. જ્યારે હાલમાં ગરમીનું પ્રમાણ વધુ હોવાથી ઝાડા-ઉલટીના કેસમાં પણ વધારો થયો છે. ત્યારે ચાલુ મહિનાની શરૂઆતમાં મિશ્ર ઋતુના અનુભવને કારણે વાઈરલ ઈન્ફેક્શનના કેસ મોટા પ્રમાણમાં વધ્યા હતા. ત્યારે આ વર્ષે સ્વાઈન ફ્લુના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ઉપરાંત જે દર્દીઓને વાઈરલ ઈન્ફેક્શન છે તે પણ ઘણાં લાંબા સમયગાળા સુધી ચાલી રહ્યું હોવાથી તેનો ફેલાવો ખૂબ ઝડપથી થઈ રહ્યો છે. અમદાવાદ શહેરના નાના મોટા દવાખાનાથી માંડીને એશિયાની સૌથી મોટી જાહેર હોસ્પિટલની ઓપીડી પણ વાઈરલ ઈન્ફેક્શન અને સ્વાઈન ફ્લુના દર્દીઓથી ભરાઈ રહી છે. ત્યારે અમદાવાદની અસારવા ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં પાંચ સ્વાઈન ફ્લૂના, બે કોરોનાના દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે પણ ગત એક સપ્તાહ દરમિયાન ૧૦,૦૦૦થી વધુ દર્દીઓ સારવાર અર્થે પહોચ્યા હતા.આ વર્ષ મિશ્ર ઋતુને કારણે દર વર્ષની જેમ વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો થયો છે, પરંતુ અગાઉની જેમ આ વખતે વાઈરલ ઈન્ફેક્શન અલગ પ્રકારનું છે. કારણ કે, સામાન્ય રીતે વાઈરલ ઈન્ફેક્શન ડોક્ટરની સલાહ લીધા બાદ ચારથી પાંચ દિવસમાં સામાન્ય થઈ જતું હોય છે, પરંતુ આ વર્ષે મોટાભાગના દર્દીઓને ૧૫-૨૦ દિવસ જેટલા સમય માટે વાઈરલ ઈન્ફેક્શનની અસર રહી છે. આ ઉપરાંત સ્વાઈન ફ્લૂના કેસમાં પણ ખુબ વધારો થયો છે. છેલ્લા એક મહિનાથી સતત શહેરના ઘરઘરમાં રોગચાળો વકર્યો છે. H1N1 ઈન્ફલુઅન્ઝા પ્રકારના વાઈરસને કારણે સતત શરદી, ખાસી, તાવ જેવા લક્ષણો સાથે સ્વાઈન ફ્લુની બીમારીથી શહેરીજનો પીડાઈ રહ્યા છે. તેવામાં અમદાવાદ શહેરમાં બે દર્દીઓનો રિપોર્ટ કોવિડ પોઝિટિવ આવ્યો છે.અમદાવાદ ખાતે આવેલી સોલા સિવિલ હોસ્પિટલમાં ગત એક સપ્તાહ દરમિયાન ઓપીડીમાં ૧૦,૦૩૦ દર્દીઓ નોંધાયા હતા જેમને દાખલ કરવાની ફરજ પડી હતી. તદ્ઉપરાંત વાઈરલ ઈન્ફેક્શનના ૧,૫૭૨ કેસ નોંધાયા હતા. તથા સોલા સિવિલ હોસ્પિટલમાં એક સપ્તાહ દરમિયાન સ્વાઈન ફ્લુના બે શંકાસ્પદ કેસમાંથી એકપણ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો ન હતો. છેલ્લા એક સપ્તાહમાં પાણીજન્ય રોગમાં પણ સામાન્ય વધારો નોંધાયો હતો. તથા શહેરમાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન ગરમીનું પ્રમાણ પણ વધવાને કારણે ઝાડા ઉલટીના કેસમાં વધારો થયો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં એક સપ્તાહ દરમિયાન ઝાડા ઉલ્ટીના ૧૪ કેસ નોંધાયા હતા. તે ઉપરાંત મચ્છરજન્ય રોગમાં પણ ડેંગ્યુના ૭૩ શંકાસ્પદ કેસમાંથી ૩ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યારે મેલેરિયાના ૨૦૫, ચિકન ગુનિયાના સાત નમૂના લેવામાં આવ્યા હતા, જેમાંથી એકપણ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો ન હતો. તથા વાઈરલ હિપેટાઈટિસના બે અને ટાઈફોઈડના ચાર દર્દીઓ નોંધાયા હતા.

### પાંચ લાખથી ઓછી લીડ આવશે તો નહીં ચલાવી લઉ

# ભાજપની બેઠકમાં પાટીલે રોકડું પરખાવ્યું- ટિકિટ કોઈ એક ને જ મળે બધાને નહીં

**બૂથમાં ઓછામાં ઓછા ૧૫૦ અને વધુમાં વધુ ૨૫૦ ભાજપના ઝંડા લગાવો. ૧૦૧ ધારાસભ્ય, લાભાર્થી સંપર્ક, પેજ કમિટી સભ્ય, ભાજપના ઝંડા લગાવા માટે માહિતી આપી**

ગાંધીનગર, તા.૨૬

લોકસભાની ચૂંટણીને લઈને ભાજપના કાર્યકરોમાં ઉમેદવારોને લઈને થઈ રહેલા ગણગણાટને શાંત પાડવા, પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે સ્પષ્ટપણે કહ્યું હતુ કે ટિકિટ તો કોઈ એક ને જ મળે, બધાને મળે તે શક્ય નથી. આ ઉપરાંત ભાજપના દિલ્હી દરબારમાં નક્કી થયેલા લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારની જીતના લક્ષ્યાંક અંગે પાટિલે દરેક ધારાસભ્યને તેમના મતવિસ્તારમાં એક એક લાખની લિડ મેળવવા કહ્યું હતું. ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે મળેલી બેઠકમાં સી આર પાટીલે કહ્યું કે કોઈ તકલીફ હોય તો અત્યારથી કહી દેજો, જેથી તેનુ નિરાકરણ કરી શકાય, બાકી પાંચ લાખથી ઓછી લિડ સ્વીકાર્ય નથી લોકસભા ચૂંટણીને લઈને કાર્યકરોને મહત્વપૂર્ણ ટકોર કરતા કહ્યું કે, ચૂંટણીમાં ટિકિટ કોઈ એક ને જ આપી શકાય. સમર્થકો હશે પણ તમને જે પદ મળે તેમાં સક્ષમ બનો. ‘‘પ્રયાસ પ્રમાણિક હશે તો પાર્ટીને પરિણામ મળશે જ તેમજ તેમણે જણાવ્યુ છે કે કોઈપણ તકલીફ હોય તો તરત જ મને જાણ કરો’’ નુકશાન થઈ ગયા બાદ કારણો જાણવામાં કોઈ રસ નથી.આ સાથે જ સી આર પાટીલે બેઠકમાં જણાવ્યું કે, ૫ લાખની લીડમાં મુશ્કેલી હોય તો મને કહો. તેમજ દરેક ધારાસભ્ય પોતાના વિસ્તારમાં ૧ લાખની લીડ લાવે તેવી અપીલ કરી હતી. પોણા પાંચ લાખની લીડ આવશે તો કોઈ બહાનું નહીં ચલાવામાં આવે. તેમજ જણાવ્યુ છે કે નકલી મતદારને મતદાન કરતા રોકવામાં આવે ૩ દિવસમાં લાભાર્થી અને પેજ કમિટી સભ્યો પૂર્ણ સંપર્ક કરવામાં આવે તેવી માહિતી આપવામાં આવી હતી. બૂથમાં ઓછામાં ઓછા ૧૫૦ અને વધુમાં વધુ ૨૫૦ ભાજપના ઝંડા લગાવો. ૧૦૧ ધારાસભ્ય, લાભાર્થી સંપર્ક, પેજ કમિટી સભ્ય, ભાજપના ઝંડા લગાવા માટે માહિતી આપી. તેમજ નક્કી કરાય તેનાથી એક રૂપિયો વધુ ખર્ચ ન થાય તેની પણ ચેતાવણી આપવામાં આવી હતી.

### અમેરિકાએ ન કર્યું મતદાન

# ગાઝામાં જલદી લાગુ થશે યુદ્ધવિરામ, UNSCમાં પ્રસ્તાવ પાસ થયો

નવી દિલ્હી, તા.૨૬ , ગાઝામાં યુદ્ધવિરામને લઈને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. અમેરિકાએ આ પ્રસ્તાવ પર મતદાન કર્યું ન હતું પરંતુ તેની તરફેણમાં ૧૪ મત પડ્યા હતા. યુએનએસસીના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું કે આ પ્રસ્તાવનો અમલ થવો જોઈએ. ગુટેરેસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે "સુરક્ષા પરિષદે ગાઝામાં લાંબા સમયથી રાહ જોવાતા ઠરાવને મંજૂરી આપી હતી જેમાં તાત્કાલિક યુદ્ધવિરામ અને તમામ બંધકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિની હાકલ કરવામાં આવી હતી. "આ દરખાસ્તનો અમલ થવો જોઈએ. નિષ્ફળતા માફી યોગ્ય નથી. અમેરિકા ગાઝામાં બંધક બનાવાયેલા લોકોની મુક્તિની સતત માંગ કરી રહ્યું છે. જો કે, યુએનએસસી દ્વારા પસાર કરાયેલા ઠરાવમાં તે બંધકોને મુક્ત કરવાની પણ માંગ કરવામાં આવી હતી, પરંતુ અમેરિકા તેના પર મતદાન કરવાથી દૂર રહ્યું હતું. અમેરિકાએ અગાઉ પણ સુરક્ષા પરિષદમાં એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને રશિયા અને ચીને વીટો કરી દીધો હતો. ગાઝામાં યુદ્ધવિરામની માંગણીના પ્રસ્તાવને અમેરિકાએ વીટો ન કરતા ઈઝરાયલના વડાપ્રધાન બેન્ઝામિન નેતન્યાહુ નારાજ થયા હતા. તેમનું કહેવું છે કે જો ગાઝામાં યુદ્ધવિરામ માટે યુએનએસસીના ઠરાવને વીટો નહીં કરવામાં આવે તો તેઓ યોજના અનુસાર પ્રતિનિધિમંડળને વોશિંગ્ટન મોકલશે નહીં. અમેરિકા ઈઝરાયલ પર યુદ્ધવિરામ માટે સતત દબાણ કરી રહ્યું હતું. આ અંગે બંને દેશોમાં વાતચીત ચાલી રહી હતી. અમેરિકાએ ચેતવણી આપી છે કે સોમવારે પસાર કરવામાં આવેલા પ્રસ્તાવ અમેરિકા, ઈજિપ્ત અને કતાર વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોને અસર કરી શકે છે. છેલ્લા કેટલાક દિવસોથી યુએસ સ્ટેટ સેક્રેટરી સતત મધ્ય પૂર્વની મુલાકાત લઈ રહ્યા છે અને ગાઝામાં બંધકોને મુક્ત કરવા માટે ચર્ચા કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે પણ યુદ્ધવિરામને સમર્થન આપ્યું છે. હવે જોવાનું એ રહે છે કે યુએનએસસી દ્વારા પસાર કરાયેલા ઠરાવનો કેટલા સમયમાં અમલ થશે.

### સમર્થકો ભાજપ કાર્યાલય પહોંચ્યા


# સાબરકાંઠા લોકસભા બેઠક પર ઉમેદવારને લઈ કકળાટ

**ઉમેદવાર ભીખાજી ઠાકોરે ચૂંટણી લડવાની વ્યક્તિગત કારણોસર અનિચ્છા દર્શાવી હતી. જેને લઈ ભીખાજીના સમર્થકોએ મેઘરજમાં દેખાવો કર્યા હતા**

સાબરકાંઠા, તા.૨૬

સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપે ટિકિટ બદલીને પુરુષને બદલે મહિલાને આપી છે. ભાજપે શિક્ષિત મહિલા ઉમેદવારને પસંદ કર્યા છે, તો અગાઉ જાહેર કરવામાં આવેલ ઉમેદવાર ભીખાજી ઠાકોરે ચૂંટણી લડવાની વ્યક્તિગત કારણોસર અનિચ્છા દર્શાવી હતી. જેને લઈ ભીખાજીના સમર્થકોએ મેઘરજમાં દેખાવો કર્યા હતા.લોકસભા બેઠક સાબરકાંઠા પર ભાજપને શરુઆતથી જ કકળાટનો સામનો કરવો પડી રહ્યો છે. પહેલા પુરુષ ઉમેદવારને ટિકિટ આપી હતી. પરંતુ તેઓની અટકને લઈને વિવાદ શરુ થયો હતો. જોકે આ દરમિયાન તેઓએ ચૂંટણી લડવાની અનિચ્છા સોશિયલ મીડિયા મારફતે જાહેર કરી હતી. ત્યાર બાદ તેમના સમર્થકોએ વિરોધના સૂર રજૂ કર્યા હતા. પોસ્ટર શરુ થયા હતા અને વિરોધ કરવાની શરુઆત પણ થઈ હતી.આ દરમિયાન મોટા ટોળા સ્વરુપ ભીખાજીના સમર્થકો અને આગેવાનો મોડાસા સ્થિતિ જિલ્લા ભાજપ કાર્યાલય પર પહોંચ્યા હતા. જ્યાં મોટા ટોળા સ્વરુપ પહોંચેલ સમર્થકોએ ૨૦૦૦ કાર્યકરો ભાજપમાંથી રાજીનામુ ધરી રહ્યાનો પત્ર આપ્યો હતો. આમ ભાજપમાં રોષની સ્થિતિ જોવા મળી હતી. આ દરમિયાન ભીખાજીએ પોતે ભાજપ સાથે છે અને તેઓએ તેમના સમર્થકોને સમજાવીને ચૂંટણીમાં કાર્ય કરશે.

# અમરેલી ખાતે સ્વામીનારાયણ મુખ્ય મંદિર દ્વારા રમત ઉત્સવ ઉજવાયો



અમરેલી શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, પાણી દરવાજા–અમરેલી દ્વારા તા. ૨૪/૩/૨૦૨૪ ને રવિવારના રોજ સદગુરૂ ભક્તિસંભવદાસજી સ્વામીના શુભ આશિર્વાદથી ઘનશ્યામ બાલ– બાલિકા મંડળ દ્વારા બાળકોને સંસ્કાર સાથે શારીરિક વિકાસ થાય અને ઉત્સાહ વધે તેવા ભાવ સાથે રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જીલ્લા વ્યાયામ સંઘના પ્રમુખ પી. ડી. મિયાણી તથા વ્યાયામ શિક્ષકોએ પધારી બાળકોને આનંદ અને ઉત્સાહ સાથે દોડ, કબ્બડી, લીંબુ ચમચી, ગોળાફેક, સંગીત ખુરશી, કોથળા દોડ, સ્ટેન્ડીંગ બ્રોડ જંપ, રસ્સા ખેચ, ક્રિકેટ, વગેરે રમતો રમાડી ખુબ આનંદ કરાવ્યો હતો. બાળકોનું પ્રોત્સાહન વધારવા માટે ઘણાબધા વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ રમત ઉત્સવમાં ૨૫૦થી વધારે બાળકોએ ભાગ લીધો હતો. વિજેતા બાળકોને શિલ્ડ અને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. રમત ઉત્સવને સફળ બનાવવા માટે ઘનશ્યામ બાલ બાલિકા સભાના બાળકોએ ખુબ સેવા કરી હતી. તથા કિશોરભાઈ દેસાઈ, ભરતભાઈ વાળા, પરેશભાઈ ચોવટીયા, રોહિતભાઈત્રાપસીયા, જયેશભાઈ સાવલિયા, પ્રકાશભાઈ પટોળીયા, નીલેશભાઈ ધાનાણી, આશીષભાઈ ગળથીયા,વસંતભાઈ કાથીરિયા, નિતિનભાઈ બાવીસી, સોહમ બોરડ વગેરે યુવાનોએ રમત ઉત્સવને સફળ બનાવવા માટે તન–તોડ મહેનત કરી હતી. આ રમત ઉત્સવમાં હિતેશભાઈ માંગરોળિયા શ્રીજી ફાર્મ તથા કિશોરભાઈ શિરોયા (શિરોયા એસોસિએટ)એ આર્થિક સહયોગ આપ્યો હતો. રમત ઉત્સવ દરમિયાન બાળકોને કેન્ડી અને શેરડીનો સુમધુર રસ આપવામાં આવ્યો હતો. રમત ઉત્સવના અંતે બાળકોને રસગુલ્લા, લાઈવ ઢોકળા, પૂરી–શાક, છાસ વગેરે ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો. કાર્યકમના સમાપનમાં બાલસભાના સંચાલક પાર્ષદવર્ય ઋષિભગતે આ કાર્યક્રમ સફળ બનાવવાસહયોગી થયેલ પી.ડી. મિયાણી તેમજ યુવાનો તથા યજમાનો તથા ઘનશ્યામ બાલ–બાલિકા સભાના બાળકોનો હૃદયથી આભાર અભિવ્યક્ત કર્યો હતો.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ફ્રેન્ડલી હોલિકા દહનનો કાર્યક્રમ ઉજવાયો



અમરેલી, તા. ૨૬

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં હોલિકા દહન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

જેમાં સંસ્થામાં ગાયોના ગોબરમાંથી બનેલ છાણા તથા કપૂર, ગુગળ, હવન સામગ્રી અને ગાયના ઘી નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પર્યાવરણ જાગૃતિ અને પ્રદુષણ મુકત તહેવારોની ઉજવણીએ આ સંસ્થાની પરંપરા રહેલી છે

આ કાર્યક્રમમાં શાળાનાં વિદ્યાર્થીઓએ સુંદર રંગોળીના સુશોભન સાથે હોળીની ગોઠવણી કરી હતી. સંચાલન દિપકભાઈ વઘાસીયાએ શાસ્ત્રીમંત્રો અને વિધિ સાથે હોળી પ્રગટાવી હતી. સંસ્થાનાં વિદ્યાર્થીઓ તથા આજુ બાજુનાં રહીશોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી સંસ્થા તરફથી દરેકને ખજુર દાળિયાનો પ્રસાદ વહેચાયો હતો આમ સમગ્ર સંસ્થા એ ઉલ્લાસમય રીતે આ પ્રસંગ ઉજવ્યો હતો.

હોળી એ આપણો પ્રાચીન તહેવાર છે હોળી નવા ધાનને વધાવવા નો તહેવાર છે. આ પ્રસંગના મહત્વને ધ્યાને રાખી બાળકોને બીજા દિવસે ધૂળેટી રમ્યા હતા – ઘર જેવું વાતાવરણ ધરાવતા આ વિદ્યાર્થી ભુવનમાં દરેક તહેવારો ખુબ જ ધામધૂમથી ઉજવાય છે. શાળા સંચાલક તથા શિક્ષકો આમાં સક્રિય સહયોગ આપે છે.


**સંકુલ BA-B.Com.-BBA-BCA-B.Sc.-B.Ed. પ્રવેશ**
**UG કોલેજ – મેજર – માઈનોર & મલ્ટી વિષય વ્યવસ્થા**

★ B.Sc. – માઈક્રોબાયોલોજી OR બાયોટેકનોલોજી OR કેમેસ્ટ્રી • મલ્ટી – બાયોકેમેસ્ટ્રી
★ BA – સાયકોલોજી OR સોસીયોલોજી OR ઈંગ્લીશ • મલ્ટી – અર્થશાસ્ત્ર
★ B.Com. – એકાઉન્ટન્સી OR મેનેજમેન્ટ • ગુજરાતી મિડીયમ & ઈંગ્લીશ મિડીયમ
★ BBA & BCA - AICTE & સૌ. યુનિ. – ધો. ૧૨ ગુ.મી. ને કોલેજ ઈ.મી. માં પ્રવેશ
★ B.Ed. – ગણિત & વિજ્ઞાન – એકાઉન્ટ & કોમર્સ – ઈંગ્લીશ/ગુજરાતી • સંસ્કૃત

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad 143


## સાવરકુંડલાનાં સેવાભાવીઓ દ્વારા સ્મશાનને લાકડાની ભેટ અપાઈ



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા નગરપાલિકા સાવર સ્મશાનને લાકડા બે ટ્રેક્ટર ભરીને દાન મળેલ છે. પોતાની વાડી માંથી રાજુભાઈ ગોકળભાઈ ભેસાણીયા તેમજ કાળુભાઈ રવજીભાઈ લીંબાણી દ્વારા લાકડા દાનમાં આપવા નગરપાલીકાને ટેલીફોનિક જાણ કરતા વોર્ડ નંબર ૩ ના સદસ્ય કમલેશભાઈ રાનેરા, પિયુષભાઈ મનસુખભાઈ લાડવા સાથે રહી સાવર સ્મશાનમાં લાકડા પહોંચતા કર્યા છે.

### પાના ૧ ઉપરનું ચાલું ભાજપનાં ઉમેદવારનું નામ જાહેર થતાં

રેલ્વે, નેશનલ હાઈવે, કેન્દ્રીય વિદ્યાલય, શ્રેષ્ઠ કક્ષાનું શિક્ષણ અને આરોગ્ય સેવાનો અભાવ, ઉદ્યોગોની કમી, ખેડૂતોનાં અગણિત પ્રશ્નો હોય તેવાં પ્રશ્નોને દેશની સર્વોચ્ચ પંચાયત ગણાતી લોકસભામાં વિસ્તૃત રજૂઆત કરી શકે તેવા ઉમેદવારની સૌ કોઈ રાહ જોતું હોય તેવા સમયે ભાજપનાં નવા નિશાળીયા અને જેમનો અભ્યાસ પણ સામાન્ય હોય, વિશાળ અનુભવનો અભાવ હોય તેવા વ્યકિતની પસંદગી થતાં ૧૫ લાખ કરતાં વધુ મતદારો અને હજારો કાર્યકરોમાં ભયાનકપણે નિરાશાનો માહોલ ઉભી થયો હોય ભાજપનાં ઉમેદવાર મતદારો અને ભાજપનાં કાર્યકરોમાં ઉભો થયેલ નિરાશાવાદ દૂર કરે છે કે કેમ તે માટે સમયની રાહ જોવી પડશે.

### પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં લુણકી ગામનાં યુવકે

જેથી બાબરા પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે તેની વિરૂધ્ધ દારૂ પીધેલાનો કેસ કરેલ અને બીજા દિવસે જામીન ઉપરથી છુટી બપોરના દોઢેક વાગ્યે ઘરે જઈ કપડા બદલાવી અને બહાર જવાનું કહી તેની પાસે રહેલ રૂ.૩૦૦ લઈ અને પોતાના ભાઈ દિપકભાઈને કહેલ કે હવે મારી વાટ ન જોતા, હું હવે ઘરે નહી આવુ તેમ કહી બપોરના ત્રણેક વાગ્યે ઘરેથી નિકળી ગયેલ અને સુરજ ઉર્ફે સુરેશ ગોવિંદભાઈ મકવાણાને દારૂ પીવાની ટેવ હોય જેથી મજુરી કામના પૈસા આવે તેનો દારૂ પી' જતો હોય ઘરે એક રૂપિયો પણ આપતો ન હોય અને પરીવારના લોકો કઈ કહે તો માથાકુટ કરતો હોય અને તેના લગ્ન પણ થયેલ ન હોય અને સરખો કામ ધંધો કરતો ન હોય જેથી કંટાળી ઝેરી દવા પી લેતાં મોત નિપજયું હતું.

## બગસરામાં ધુળેટી પર્વની હર્ષ ઉલ્લાસ સાથે ઉજવણી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૬

બગસરામાં ઠેર ઠેર યુવાનો બાળકો અને મહિલાઓ મન મૂકીને રમ્યા હતા જેમાં અબીલ ગુલાલ, કંકુ કલર થી રમીને ધુળેટીની ઉજવણી કરી હતી હર વર્ષની માફક આ વર્ષે પણ બગસરામાં ગોકુલપરા પટેલવાડી પાસે તથા સરકારી દવાખાના પાસે હોસ્પિટલ રોડ મેન બજાર જુના બસ સ્ટેન્ડ પાસે જેતપુર રોડ સહિતના વિસ્તારોમાં યુવાનો બાળકો અબીલ ગુલાલ કલરથી મન મૂકીને રમ્યા હતા.

## સાવરકુંડલાનાં ઝીંઝુડા ગામના ઉમાબેન મકવાણા એએસઆઈ બન્યા



સાવરકુંડલા, તા. ૨૬

કાઠી નારી રત્ન.એક સમયે ઓજલ પરદા પ્રથામા જ જોવા મળતી સન્નારીઓ, વર્તમાન સમય સાથે.કદમ સે કદમ મીલાવી.ખાખી વર્દીમાં પણ આગળ આવી રહી છે. સાવરકુંડલાના ઝીંઝુડા ગામના વતની અને કાઠી સમાજના ગૌરવસમા કુમારી ઉમાબેન દડુભાઈ મકવાણા હાલ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરની ૧૨ મહીના તાલીમ પૂર્ણ કરી પ્રથમ (પહેલી) પોસ્ટિંગ સૂરત ખાતે મળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.
સેવા સૂરક્ષા શાંતિમાં અડીખમ થઈ રાષ્ટ્રપ્રેમી બની એક નારીશક્તિ તરીકે પોતાનું બેસ્ટ આપવાનો પ્રયત્ન કરી ફરજનાં સ્થળે હાજર થઈ જીંદગીની નવી શરૂઆત માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## સાવરકુંડલા : ઉડાન વેલફેર ફાઉન્ડેશન દ્વારા અનેરૂ સેવાકાર્ય



સાવરકુંડલા, તા. ૨૬

ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન સાવર કુંડલા ધ્વારા હોળીના પવિત્ર તહેવાર નિમિતે સેવાકીય કાર્ય સાવર કુંડલા શહેરના બહારના ઝુપડપટ્ટી વિસ્તાર ગરીબ લોકો ને (અનાજ/તેલ/કઠોર/ઘર કીટ) નુ વિતરણ કરવામા આવેલ હતુ.

આ તકે સતનામ સેવા આશ્રમ પુજય રામજીવનદાસના હસ્તે આ સેવાકીય કાર્ય કરવામા આવેલ, આ સેવાકીય કાર્યક્રમમાં ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશનના કલ્પેશભાઈ પટેલ, અરવિંદભાઈ મેવાડા, નિતીનભાઈ. હેલૈયા, હરીભાઈ ભરવાડ આ સેવાકીય કાર્યક્રમ કર્યો હતો.

### જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ હિતેષભાઈ એમ. મીઠાપરા, રે.બાબરા, જે અમારી પાસેથી અમારા અસીલ જાગૃતિબેન મહેશભાઈ ઉનાગર, રે.રામનગર,મુ.બાબરા વાળાએ તે મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરામાં આવેલ રહેણાંક મકાન સર્વે નં.૭૦૩ P3/P2, દસ્તાવેજ નં.૬૦૨/૨૦૨૦ વાળી મિલ્કત તેનું પ્લોટ નંબર ૧૬, ચો.મી.૮૦–૯૮ આકારણી નં. ૧૦૦૧૯૯૧૦ વાળી મિલ્કતનું ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ એ.ડી.થી જણાવવું અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૨૬/૦૩/૨૦૨૪
ઓફીસ : મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે. મુ. બાબરા.
મો. ૯૯૨૫૦૧૬૦૨૮

**હિતેષભાઈ એમ. મીઠાપરા**
**એડવોકેટ**

# દુધાળા ખાતે પુર્વ રાષ્ટ્રપતિ અને રાજયપાલની ઉપસ્થિતિમાં પદ્મ પુરસ્કૃતઓનો સમારોહ યોજાયો



દેશના પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામે હેતની હવેલી ખાતે પદ્મ પુરસ્કૃતોનો પુનર્મિલન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રહિતને પ્રાથમિકતા આપી રાષ્ટ્ર અને સમાજ માટેના કાર્યો થઈ શકે તે શ્રેષ્ઠ બાબત છે. સકારાત્મક વિચારો અને તેના અમલીકરણ થકી પરિવર્તન આવી શકે છે, તે પ્રત્યક્ષ થયું છે. પર્યાવરણની રક્ષા કરવી અને જળસંકટને નિવારવાના પ્રયાસોમાં નાગરિકોને તેમના ઉતમ પ્રયાસો કરવા તેમણે જણાવ્યું હતું. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, રાષ્ટ્રની પ્રગતિ માટે સામાજિક કર્તવ્યો કરવામાં આવે તે આવનારી પેઢીઓ માટે પ્રેરક છે. સકારાત્મક વિચાર, કર્મયોગનું મહત્વ અને તેને લીધે થતાં કાર્યો થકી ઉન્નતી થઈ શકે છે. તેમણે રસાયણમુકત પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી પર્યાવરણ જાળવણી થઈ શકે તેમ ઉમેર્યુ હતુ.કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચનમાં સવજીભાઈ ધોળકીયાએ જણાવ્યું કે, ગાગડીયો નદી વિસ્તારના આજુબાજુ ૪૫ કિમી વિસ્તારમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીના કાર્યો કરવાનું આયોજન છે. તેમણે સામાજિક પ્રગતિ માટે કર્મયોગનું મહત્વ સમજાવી તેને ઉજાગર કરવા અનુરોધ કર્યો હતો. સામાજિક ક્ષેત્રે સેવા આપનાર હિરાબેન લોબીને સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વોટર મેન ઓફ ઈન્ડિયા ડો. રાજેન્દ્રસિંઘ, પર્યાવરણવિદ આનંદ મલ્લી બાબડ, પોન્ડમેન ઓફ ઈન્ડિયા રામવીર તંવર સહિતનાઓને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પદ્મ પુરસ્કૃત સર્વ સુંદરલાલ પાલીવાલ, ડો. જગદીશભાઈ ત્રિવેદી, દેવીલાલ, હિંમત રામ બાંભુ સહિતનાઓએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. કાર્યક્રમમાં પદ્મ પુરસ્કૃતઓ અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### લાંચ આપનાર કે લેનાર બંને સામે કેસ નોંધવા ફલાઈંગ સ્કોડ સક્રિય

# ચુંટણી દરમિયાન લાંચ આપનાર કે લેનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે

### નાગરકિો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ ઉપર જાણ કરી શકાશે

અમરેલી, તા.૨૬

માર્ચ,૨૦૨૪ (મંગળવાર) કોઈ પણ વ્યકિતને તેના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રલોભન આપવાના ઉદ્દેશથી, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રોકડ કે વસ્તુસ્વરૂપે કોઈ પણ લાંચ લેતી કે આપતી કોઈ પણ વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૧–ખ મુજબ એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર છે.

વધુમાં કોઈપણ ઉમેદવાર કે મતદાર કે અન્ય કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડવાની ધમકી આપતી કોઈ પણ વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૧–ગ મુજબ એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર છે. લાંચ આપનાર કે લેનાર બંને સામે કેસ નોંધવા તેમજ મતદારોને ધાકધમકી આપવામાં સામેલ વ્યકિતઓ સામે કાર્યવાહી કરવા માટે શીઘ્ર કાર્ય ટુકડી (ફલાઈંગ સ્કવોડ)ની રચના કરવામાં આવી છે.

આથી તમામ નાગરિકોને કોઈ પણ પ્રકારની લાંચ નહિ લેવા અને કોઈપણ વ્યક્તિ લાંચ લેવાનું કહે અથવા લાંચ વિશે કોઈપણ જાણકારી મળે અથવા મતદારોને ધાક ધમકી અપાયાના કિસ્સાની જાણ થાય તો, તે અંગે ફરિયાદ મેળવવા માટે ઉભા કરવામાં આવેલા જિલ્લાના ૨૪×૭ ફરિયાદ દેખરેખ નિયંત્રણ એકમના ટોલફ્રી નંબર ૧૮૦૦૨૩૩૨૮૯૨૫૨ જાણ કરવા વિનંતી કરવામાં આવે છે, તેમ અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

# સાવરકુંડલામાં આજે વિજ્ઞાન જાથાની ટીમનું આગમન : પીડિતની લેશે મુલાકાત

સાવરકુંડલા., ૨૬

સાવરકુંડલા ખાતે બુધવારે સવારે વિજ્ઞાન જાથાની ટીમ પીડિતની મુલાકાતે આવી સાચી હકીકત મેળવશે.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયા તેની ટીમ આસપાસની માહિતી મેળવશે.

જાથા છેલ્લા ૩૩ વર્ષથી અંધશ્રધ્ધા સામે જાગૃતિનાં કાર્યક્રમો આપે છે. દોરા ધાગા, ધાર્મિક ધતિંગ કરી લોકોને યેન કેન છેતરપિંડી કરે છે તેના પુરાવા મેળવી સરકારી તંત્રની મદદથી સત્યનું ઉજાગરનું કામ કરે છે.

આ વિસ્તારના ધતિંગબાજો થી છેતરાયેલા લોકો પુરાવા સાથે રૂબરૂમાં મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ સંપર્ક કરી મળી શકશે.

### લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪

# આદર્શ આચારસંહિત દરમિયાન જાહેર તથા ખાનગી મિલ્કતો પર ચૂંટણીલક્ષી કોઈપણ પ્રકારની જાહેરાત કરવા પર પ્રતિબંધ

અમરેલી, તા. ૨૬

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ જાહેર થતાં આદર્શ આચારસંહિતા અમલી છે. જિલ્લાની લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણીનું મતદાન તા. ૭ મે, ૨૦૨૪ના રોજ યોજાશે. ભારતના ચૂંટણી આયોગ તરફથી આદર્શ આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવામાં આવે છે. મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે આ આદર્શ આચારસંહિતા અમલી છે. આ અનુસંધાને અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ (વર્ષ ૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ–૧૪૪ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સરકારી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ કે બોર્ડ નિગમો, સહકારી મંડળીઓ કે સરકારનો જેમાં હિસ્સો સમાયેલ હોય તેવા કોઈપણ મકાનો, ભવનો, કમ્પાઉન્ડ વોલ પર ચૂંટણીલક્ષી કોઈપણ પ્રકારની જાહેરાત કે પ્રચાર–પ્રસાર કરી શકાશે નહીં કે તેવી જમીન પર ચૂંટણીલક્ષી કોઈપણ પ્રકારની જાહેરાતના બોર્ડ, હોર્ડિંગ્સ મૂકી શકાશે નહીં. સ્થાનિક સ્વરાજયની સંસ્થાના આ અંગેના નિયમો હોય તો તે નિયમોનું નિયમાનુસાર પાલન કરવાનું રહેશે, આ બાબતે પૂર્વ પરવાનગી લેવાની રહેશે. જાહેર સ્થળોએ જાહેરાતો પ્રદર્શિત કરવા માટે ખાસ નક્કી કરવામાં આવેલ જગ્યા કે જે કોઈ એજન્સીને ભાડે આપવામાં આવેલ હોય તેવી જગ્યાએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોને તે જગ્યાનો ચૂંટણી સંબંધી જાહેરાત માટે સરખી તકોથી ઉપયોગ કરી શકશે.

કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેઓના કાર્યકરોએ સંબંધિત મકાન માલિકોની પરવાનગી લીધા વિના જાહેર તથા ખાનગી મિલકત ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોંડીને, સૂત્રો લખીને દિવાલો બગાડવી નહીં, માત્ર હંગામી તથા સરળતાથી દૂર કરી શકાય કે હટાવી શકાય તેવા માત્ર ધ્વજ, બેનર્સ વિગેરે ખાનગી મકાન કે મિલકત ઉપર સંબંધિત માલિકની લેખિત પરવાનગીથી મૂકી શકાશે. ખાનગી મકાન કે મિલકત ઉપર કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકાશે નહીં. સંબંધિત માલિક પરવાનગી આપે તો પણ કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકાશે નહીં.

સંબંધિત પક્ષ કે તેના ઉમેદવારોએ ખાનગી મકાન કે મિલકત ઉપર સંબંધિત માલિકની પરવાનગીથી મુકેલ ધ્વજ, બેનર્સ વગરેની ચૂંટણી અધિકારીને તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાને મોડામાં મોડા દિવસ– ૩ (ત્રણ) માં જાણ કરવી. રાજકીય પક્ષો, ઉમેદવારોએ અને કાર્યકરોએ ધ્વજ, આધારદંડ, બેનર્સ, નોટીસ લગાવવા, સૂત્રો લખવા માટે જાહેર મકાન, જમીન, ખાનગી મકાન, દિવાલ, હાઈ–વે અથવા બે માર્ગો ક્રોસ થતાં હોય દિશાસૂચક સાઈનબોર્ડ, હાઈ–વે પરના માઈલ સ્ટોન, રેલ્વે ક્રોસિંગ પાસે ચેતવણીના બોર્ડ, રેલ્વે બસ સ્ટેશન પ્લેટફોર્મના નામ, વોર્ડ અગર જનતાની સગવડ માટે પ્રદર્શિત કરવામાં આવેલ કોઈ નોટીસ બોર્ડ વગેરે જાહેર અથવા ખાનગી મિલકતોનો બગાડ કરવો નહિ. એક પક્ષે બહાર પાડેલ ભિંતચિત્રો બીજા પક્ષના કાર્યકરોએ દૂર કરવા નહીં. રાજકીય પક્ષે, ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે. આ જાહેરનામું તા. ૭/૫/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

# જિલ્લા કક્ષા તથા વિધાનસભા મતવિભાગ કક્ષાના સિંગ વિન્ડો સિસ્ટમના નોડલ અધિકારીઓની નિમણુંક

અમરેલી,તા.૨૬

માર્ચ, ૨૦૨૪ (મંગળવાર) આગામી લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લામાં જાહેર સભા, રેલી, સરઘસ, વાહન, હેલીપેડ અને લાઉડ સ્પીકરના ઉપયોગ જેવી વિવિધ જરૂરી પરવાનગીઓ એક જ સ્થળેથી અને સમયસર મળી રહે તેમજ વિવિધ કચેરીઓનો સંપર્ક ન કરવો પડે તેવા આશયથી સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવામાં આવી છે, જે અંગેની સૂચનાઓ રીટર્નીંગ ઓફીસર માટેની હેન્ડબુક–૨૦૨૩ એડીશન–૨નાં મુદ્દા નં.૧૮૭માં આપવામાં આવી છે. જિલ્લા કક્ષાએ તેમજ વિધાનસભા મતવિભાગમાં સિંગલ વિન્ડો નોડલ અધિકારીની નિમણુક કરવામાં આવી છે.

આ વ્યવસ્થા અંતર્ગત ૧૪–અમરેલી લોકસભા મતવિભાગ જિલ્લા કક્ષાએ ચીટનીશ ટુ કલેકટર, અમરેલી, એ.પી. વ્યાસ, મો. ૬૩૫૩૮૪૫૦૭૮, હોમશાખા, કલેક્ટર કચેરી, અમરેલી, ઈ–મેઈલ એડ્રેસ, dmbranch-amreli@gujarat.gov.in ની નિમણુક કરવામાં આવી છે. વિધાનસભા મતવિભાગમાં, ૯૪–ધારી મતવિભાગ (ધારી,ખાંભા,બગસરા) માટે ધારી તાલુકા મામલતદાર એ.પી. વ્યાસ, મો.નં. ૭૫૬૭૦ ૦૦૭૨૮, ધારી તાલુકા મામલતદાર કચેરીનું ઈ–મેઈલ એડ્રેસ, mam-dhari@gujarat.gov.in છે. ૯૫–અમરેલી વિધાનસભા મતવિભાગ (અમરેલી, વડીયા–કુંકાવાવ) માટે અમરેલી શહેર મામલતદાર .જી.જી. બાવીશા, મો.નં. ૯૪૨૮૪ ૦૮૧૫૮, અમરેલી (શહેર) મામલતદાર કચેરીનું ઈ–મેઈલ એડ્રેસ, mam-amr@gujarat.gov.in છે. ૯૬–લાઠી વિધાનસભા મતવિભાગ માટે લાઠી તાલુકા મામલતદાર એમ.સી. રાજયગુઢ, લાઠી તાલુકા મામલતદાર કચેરી, મો.નં. ૭૫૬૭૦૦૦૮૩૨, ઈ–મેઈલ એડ્રેસ, mam-lathi@gujarat.gov.in છે. ૯૭–સાવરકુંડલા (સાવરકુંડલા,લીલીયા, જેસર) વિધાનસભા મતવિભાગ માટે સાવરકુંડલા તાલુકા મામલતદાર એસ.એચ.બારીયા, સાવરકુંડલા તાલુકા મામલતદાર કચેરી મો.નં. ૭૫૬૭૦ ૦૦૭૮૪, ઈ–મેઈલ એડ્રેસ, mam-savarkundla@gujarat.gov.in, ૯૮– રાજુલા મતવિભાગ (રાજુલા, જાફરાબાદ, ખાંભા) માટે રાજુલા તાલુકા મામલતદાર એ.કે. શ્રીમાળી, રાજુલા તાલુકા મામલતદાર કચેરી, મો.નં. ૭૫૬૭૦૦૦૯૩૦, ઈ–મેઈલ એડ્રેસ, mam-rajula@gujarat.gov.in છે. ૯૯–મહુવા મતવિભાગ માટે મહુવા તાલુકા મામલતદાર, મહુવા તાલુકા મામલતદાર કચેરી, મો.નં. ૭૫૬૭૦૦૧૬૪૬, ઈ–મેઈલ એડ્રેસ, mam-mahuva@gujarat.gov.in છે. ૧૦૧–ગારિયાધાર મતવિભાગ માટે ગારીયાધાર તાલુકા મામલતદાર, આર.એન. કુંભાણી, ગારીયાધાર તાલુકા કચેરી, મો. ૭૫૬૭૦ ૦૧૯૧૦, ઈ–મેઈલ એડ્રેસ, mam-gariyadhar@gujarat.gov.in છે. તેતમામની નિમણુક સિંગલ વિન્ડો સિસ્ટમ અંતર્ગત કરવાની થતી કામગીરી માટે કરવામાં આવી છે, તેમ સિંગલ વિન્ડો નોડલ અધિકારી અને અમરેલી જિલ્લા ચીટનીશ ટુ કલેક્ટરએ એક યાદીમાં જણાવ્યું છે.

### ૨૭ માર્ચ 'વિશ્વ રંગભૂમિ દિવસ'

# અભિનય એટલે રંગમંચ ઉપર આપવાની પરીક્ષા



સમગ્ર વિશ્વમાં ૨૭ માર્ચનો દિવસ ''વિશ્વ રંગભૂમિ દિવસ'' તરીકે ઉજવવા માં આવે છે. વિશ્વ રંગભૂમિ દિવસ ઉજવણીનો પ્રારંભ વર્ષ ૧૯૬૧માં ''આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થાન'' દ્વારા કરવામાં આવ્યો હતો. રંગભૂમિનાં મૂળ વેદ–ઉપનિષદમાં જોવા મળે છે. જે સૃષ્ટિ ઈશ્વરે રચી છે અને એમાં માણસ, અન્યજીવો અને પ્રકૃતિ શ્વસે છે એનો સર્જનહાર ઈશ્વર આ રંગભૂમિનો સૂત્રાધાર છે. આપણે બધા તો રંગમંચની કટપૂતળીઓ સમાન છીએ જેમની ડોર ઈશ્વરનાં હાથમાં જ છે.

'ભગવદ ગોમંડલ' ગ્રથનાં આધારે માની શકાય કે પૂર્વ ૧૨૮૦માં ગુજરાતીમાં પહેલું નાટક લખાયું ત્યારબાદ ૧૮૫૧માં નર્મદે 'બુધ્ધી વર્ધક' નામની સંસ્થા શરૂ કરી. એ જ અરસામાં શેકસપિયર કલબની સ્થાપના મુંબઈમાં થઈ. આ સમયને ગુજરાતી રંગભૂમિનો ઉદભવ સમય હોવાનું માનવામાં આવે છે. આ એ સમય હતો જયારે સ્ત્રી પાત્રો રંગમંચ ઉપર આવતા નહિ તેથી પુરૂષો જ સ્ત્રી પાત્રોનો અભિનય કરતા. એ પછી ધીમે ધીમે રંગમંચનું મહત્વ અને પ્રસિદ્ધિ વધતી ગઈ તેમ તેમાં બદલાવો આવતા રહ્યા. આજે જે રીતે રંગમંચ પર નાટકો ભજવાય છે તેને આધુનિક યુગ હાઈટેક ટેકનોલોજીનો યુગ માનવામાં આવે છે. મેકઅપ, કેમેરા, લાઈટસ, સાઉન્ડ, લેપટોપ, પેનડ્રાઈવ, ટેબલેટ, પોંટેબલ હાર્ડડિસ્ક, એડીટીંગ વગેરેમાં અલ્ટ્રા મોર્ડન ડીઝીટલ ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. રંગમંચના કાર્યક્રમ લાઈવ હોય છે. જે થયું તે થયું તે જ. સ્ટેજ ઉપર ડાયરેકટર ટેઈક જ હોય છે. રીટેક થતો જ નથી. ગુજરાતી રંગમંચ પર ભજવાતાં નાટકો એ ગુજરાતી ભાષા અને સાહિત્ય વારસાનો એક અમૂલ્ય ભાગ છે. રંગમંચ પર સુખ અને દુઃખ, પ્રેમ એન ક્રોધ, વેર–ઝેર, તારું ને મારું ગૃહસંચાર, સમાજની વાસ્તવિકતા, માનવીનાં જીવન સાથે સંકળાયેલી અનેક બાબતો નાટકો રૂપી ભજવાય રહી છે. જયાં ભાષા જીવે છે ત્યાં સંસ્કૃતિ પણ જીવે છે. ગુજરાતી રંગમંચ એ ગુજરાતી ભાષા અને સાહિત્યને બચાવવાનો એક પ્રયાસ છે. આજે પરિસ્થિતિ એવી છે કે વર્ષ દરમિયાન ગુજરાતી ભાષાના ખૂબ ઓછા નાટકો ભજવાય છે અને તેમાં પણ મુંબઈનાં આધુનિક નાટકો વધુ હોય છે. સિનેમા યુગની શરૂઆત થતા નાટક અને નાટય મંડળીઓનો યુગ પુરો થયો હોય તેવુ લાગે છે તેમ છતાં આજે પણ કેટલીક નાટયમંડળીઓ અને નાટકનાં કલાકારો એ આ રંગમંચ ને જીવીત રાખ્યો છે. એથી વિશેષ આજે પણ એવી કેટલીક નાટય મંડળીઓ છે જ ે ગામડે ગામડે જઈને વેશભૂષા ધારણ કરી નાટકો તરીકે પણ ઓળખાય છે. રંગભૂમિ માટે કહેવાય છે કે, જાણ્યુ એટલું જાજું અને માણી એટલી મોજ પછી તો કયાં છે કશી ખોજ !

# ગેબનશા પીરની દરગાહ ખાતે બટુક ભોજન કરાવવામાં આવ્યું



વડીયા, તા.૨૬

વડીયા સ્ટેશન રોડ ઉપર બિરાજતા વર્ષો જૂની ગેબનશા પીરની દરગાહ આવેલી છે.

જયાં હિંદુ મુસ્લિમની એકતાનું પ્રતિક ઉદાહરણ જોવા મળે છે જયાં દર વર્ષે ઉર્ષનું આયોજન કરવામાં આવે છે તેમજ બપોરે સમગ્ર ગામના બાળકોનું બટુક ભોજન પણ રાખવામાં આવે છે.

ગેબનશાહ પીર ની દરગાહ ખાતે ઉર્ષની ઉજવણીમાં સંદલ શરીફ તેમજ નાતશરીફનો કાર્યક્રમ પણ કરવામાં આવેલ. આજે હિન્દુ મુસ્લિમની એકતાથી સમગ્ર કાર્યક્રમ હોય વડીયાની તમામ ગ્રામજનો પણ ગેબનશાહ બાપુના દર્શને જોવા મળ્યા હતા. ગેનશાહ બાપુના ઉર્ષમાં ભક્તો બહાર ગામ થી પણ આ ઉર્ષ માં જોડાયા હતા.

આ તકે સાવર કુડલાથી વસીમબાપુ એ પણ હાજરી આપી હતી સમગ્ર દરગાહ ને રોશની લાઈટિંગ થી સુશોભિત કરવામાં આવેલ હતી ત્યારે વડિયા ગેબનશાહ પીર કમીટીના અકિલભાઈ પઠાણ, વિરજીભાઈ સગર, હનીફભાઈ મોગલ, મુંજાવર અબ્દુલભાઈ ખોખર સહિતના હિન્દુ મુસ્લિમ સમાજ ઉપસ્થિત રહ્યા હતા.

# આદર્શ આચાર સંહિતા અમલવારી અંતર્ગત મતદાનના દિવસે વાહનોનાં દુરઉપયોગ પર પ્રતિબંધ રહેશે

અમરેલી તા.૨૬

માર્ચ, ૨૦૨૪ (મંગળવાર) અમરેલી જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪નું મતદાન તા.૦૭ મે, ૨૦૨૪ અને મતગણતરી તા.૦૪ જૂન–૨૦૨૪ના રોજ યોજાશે. ભારતના ચૂંટણી આયોગ દ્વારા આદર્શ આચારસંહિતાનું અમલીકરણ કરવાની સૂચના છે, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે અનિવાર્ય છે. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ – ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ ૧૪૪ અંતર્ગત મતદાનના દિવસે વાહનોનાં દુરઉપયોગ પર પ્રતિબંધાત્મક આદેશો સાથેનું જાહેરનામું અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. કોઈપણ રાજકીય પક્ષ કે બિનરાજકીય પક્ષ કે તેમનાં ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજા કોઈપણ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથકથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે આ પ્રમાણે વાહનોનો ઉપયોગ કરી શકશે. ઉમેદવારે પોતાના ઉપયોગ માટે મતદાતા વિભાગ પૂરતું એક વાહન ઉપયોગમાં લઈ શકશે. ચૂંટણી એજન્ટ પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પુરતું એક વાહન ઉપયોગમાં લઈ શકશે. યથાપ્રસંગ ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોનાં ઉપયોગ માટે પ્રત્યેક લોકસભા મતદાર વિભાગ દીઠ એક વાહન વાપરવા હક્કદાર રહેશે. આ માટે ઉપયોગમાં લેવામાં આવનાર વાહન લોકસભા ઉમેદવારે તેના સક્ષમ અધિકારી પાસે નોંધણી કરાવવાનું રહેશે. નોંધણી કરાવ્યું હોય તેવા વાહનની પરમીટ મેળવી તે અસલ પરમીટ વાહનની ઉપરસહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્ક્રીન પર ચોંટાડવાની રહેશે. મતદાનના દિવસે જો ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ પોતાના ઉપયોગ માટે મંજૂરી માટે અપાયેલ વાહન અન્ય કોઈ વ્યકિઓ દ્વારા વાપરી શકાશે નહીં. આ હુકમ સમગ્ર જિલ્લામાં લાગુ પડશે. આ જાહેરનામું મતદાનની તા.૦૭.૦૫.૨૦૨૪ના રોજ સમગ્ર દિવસ દરમિયાન અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર ધ ઈન્ડિયન પિનલ કોડની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર છે.

# મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચારથી વધુ વ્યકિતએ ભેગા થવા પર પ્રતિબંધ

અમરેલી, તા. ૨૬

અમરેલી તા.૨૦ માર્ચ, ૨૦૨૪ (બુધવાર) લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ની આદર્શ આચારસંહિતા અમલી છે. ૧૪–અમરેલી લોકસભા મતવિસ્તારનું મતદાન આગામી ૦૭ મે, ૨૦૨૪ના રોજ યોજાશે. અમરેલી જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલી હોય જિલ્લા ચૂંટણી અધિકારી–વ–જિલ્લા મેજીસ્ટ્રેટ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ –૧૯૭૩ (વર્ષ ૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ–૧૪૪ અન્વયે મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચારથી વધુ વ્યક્િએ ભેગા નહીં થવા બાબતે જાહેરનામું બહાર પાડ્યું છે. આ હુકમ મુજબ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચારથી વધુ વ્યક્િએ ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આ હુકમ ચૂંટણી અંગેની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સરકારી અધિકારી–કર્મચારીઓ, કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ફરજ પર હોય તેવા પોલીસ કર્મચારી, અધિકારી, હોમગાર્ડ, ચૂંટણીના ઉમેદવારો,એજન્ટ, મતદાન એજન્ટ, તથા ચૂંટણી અધિકારીશ્રીઓ, ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે સ્ટાફને, અધિકૃત મતદારોને મત આપવા જતા તેમજ મતદાન પછી પરત આવવાના સમય સુધી લાગુ પડશે નહીં. આ જાહેરનામું તા.૦૭ મે, ૨૦૨૪ મતદાનના દિવસે સવારે ૭.૦૦ કલાકથી રાત્રિના ૧૨.૦૦ કલાક દરમિયાન અમલીરહેશે.

હુકમનો ભંગ કરનાર ધ ઈન્ડિયન પિનલ કોડની કલમ–૧૮૮ની જોગવાઈ હેઠળ સજા પાત્ર થશે.

### જીવનનગરમાં ૪૩માં વર્ષે હોળી–ધુળેટી પર્વની ઉજવણી

# રાજકોટ : વિજ્ઞાન જાથા પાખંડ, અંધ શ્રધ્ધાનો વિરોધ કરે છે : વિજય રૂપાણી

### દેશભરમાં લોકોએ જયોતિષને કારણે મુકી હોળીનું પ્રાગટય કર્યુ



રાજકોટ, તા. ૨૬

ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ નાગરિક જાગૃત મંડળ, મહાદેવ ધામ સમિતિ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવનનગર માં ૪૩ માં વર્ષે હોળી–ધુળેટી પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. વિજ્ઞાન જાથા પાખંડ, અંધશ્રદ્ધાનો વિરોધ કરે છે તેની છણાવટ કરવામાં આવી હતી. પાણીની અંજલિ છાંટી વૈજ્ઞાનિક પદ્ધતિથી હોળીનું પ્રાગટય કરવામાં આવ્યું હતું. જીવનનગર ચોકમાં માનવ મહેરાણ ઉમટી પડયું હતું.ગાંધીગ્રામ પોલીસે વિશેષ બંદોબસ્ત ફાળવ્યો હતો.

સ ા ૈ

પ્રથમ હોળીનું પ્રાગટય પાણીની અંજલિ છાંટી વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન કરતાં અગ્નિની જવાળાઓએ વિશેષ આર્કષણ ઉભું કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, શહેર ભા.જ.પ.ના ઉપપ્રમુખ પરેશભાઈ હુંબલ, વોર્ડના નગરસેવકો નિરૂભા વાઘેલા, ટાઉન પ્લાનીંગ કમિટીના ચેરમેન ચેતનભાઈ સુરેજા, જયોત્સનાબેન ટીલાળા, ડૉ. રાજેશ્રીબેન ડોડીયા, વોર્ડ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, ઉપપ્રમુખ કેતનભાઈ મકવાણા, મંત્રી વિપુલભાઈ પંડયા, ઓ.બી.સી.ના રણજીતભાઈ ગોહેલ, ભારતીબેન જાની, મયુરીબેન પટેલ, મેઘાબેન વૈષ્ણવ, સંગીતાબેન ચૌહાણ, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, ભાવેશ બુંદેલા, પંકજભાઈ મહેતા, અંકલેશ ગોહિલ, શબ્બીરભાઈ ધનાણી, વિવેકભાઈ રાવલ સહિત આગેવાનોએ હાજરી આપી હતી. હોળીની પ્રદક્ષિણા ફરી રહીશોને ત્યૌહારની શુભેચ્છા પાઠવી હતી.રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રહીશો સાથે હોળીની પ્રદક્ષિણા કરી રહીશોને ત્યૌહારની શુભેચ્છા પાઠવી જણાવ્યું કે રાજય–કેન્દ્ર સરકાર પ્રગતિશીલ કામોની વિગત આપી હતી. લોકોના ઉત્કર્ષ માટે સરકાર કાયમ ચિંતિત છે. દેશે હરણફાળ પ્રગતિ કરી છે. ભા.જ.પ.ના કાર્યકર્તાઓની પ્રશંસા કરી હતી. આ તકે તેમણે વિજ્ઞાન જાથા પાખંડ–અંધશ્રદ્ધાનો વિરોધ કરે છે, ઢોંગીઓનો પર્દાફાશ કરે છે, નાગરિક ધર્મ બજાવે છે. જાથાને લોકોનો ટેકો છે તે આપણે સૌ જોઈ શકીએ છીએ. ઉત્સવ–ત્યૌહાર સમાજનું અંગ હોય જાથા તે પ્રકારે કામ કરે છે તેને અભિનંદન પાઠવું છું.

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ એ સંગીત સંધ્યાના કલાકારોને વિવેકાનંદજીની મૂર્તિ આપી તેના વિચારો, કાર્યો, દેશપ્રેમ ફેલાવા માટે ગ્રૃપના જીગીશાબેન રાવલ, મયુરીબેન ભાલારા, મીતાબેન બલદેવ, નેહાબેન મહેતા, મુન્નાભાઈ ઠક્કર, વિપુલભાઈ બલદેવ, સંજીવભાઈ પટેલ, અમિતભાઈ રાવલ, વિવેકભાઈ રાવલ તથા સુર સનમ ઓરકેસ્ટ્રાના શબ્બીરભાઈ ધાનાણી, સાધનાબેન સંઘી, શાકીરભાઈ કુરેશી અને ફૈઝલભાઈનું બહુમાન કર્યું હતું.

ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહે વૈજ્ઞાનિક પદ્ધતિથી હોળીનુ પ્રાગટય સવિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. સમિતિ વર્ષોથી આ વિસ્તારમાં અનેક પ્રકારની પ્રવૃતિ કરે છે. રાજયમાં આગવું સ્થાન છે. સમિતિના લીડર જયંત પંડયાની કાર્ય પદ્ધતિ બધાને સાથે રાખી કામ કરે છે તેથી સફળતા મળે છે. મારા સહિત બધા ભા.જ.પ.ના હોદ્દેદારોને આ વિસ્તારમાં હાજરી આપવી ગમે છે તેના કારણમાં સમયબદ્ધ કાર્યક્રમો હોય છે. હોળી–ધુળેટી ત્યૌહારની રહીશોને શુભેચ્છા પાઠવી હતી. ટાઉન પ્લાનીંગ કમિટીના ચેરમેન ચેતનભાઈ સુરેજા, નિરૂભા વાઘેલા, જયોત્સનાબેન ટીલાળા, પ્રભારી રઘુભાઈ ધોળકીયા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું.સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ જાથા, સમિતિનો પરિચય આપતા જણાવ્યું કે આજે દેશભરમાં લોકોએ જયોતિષને કોરાણે મુકી હોલિકા દહન કર્યું હતું. ૨૧ મી સદીમાં જયોતિષના ભદ્રાકાલ–ભદ્રાવિષ્ટિ જેવા ગતકડાઓને ફગાવી લોકોએ આનંદ–ઉલ્લાસથી ત્યૌહાર મનાવ્યો હતો. આગાહી કરનારા જયોતિષીઓને તમાચો માર્યો હતો. ત્યૌહાર વખતે જયોતિષના ફળકથનોને લોકોને જરૂર નથી તેવી આલબેલ આપી હતી. આગાહી કરનારાને સુધરી જવા ચેતવણી આપી હતી. રાત્રિના ૧૧ ને ૧૫ મિનિટે હોળીનું પ્રાગટય કરવું તેવી સલાહને લોકોએ દફનાવી હતી. દેશમાં જયોતિષીઓમાં મતમતાંતર આંખે વળગે છે. જયોતિષ ઉપર શ્રધ્ધા એટલે બરબાદી–પાયમાલીને આમંત્રણ છે તેવો સુર વ્યક્ત કર્યો હતો. મુર્હુત, ચોઘડીયા માત્ર ગતકડા સાથે નર્યું તુત છે. કુદરતના નિયમોમાં બધા દિવસો–સમય સારા છે. દ્રઢ મનોબળ રાખવા સંબંધી દ્રષ્ટાંતો આપ્યા હતા.

જાથાના જયંત પંડયાએ આગામી વર્ષથી હોલિકા દહન ત્યૌહારનું સંચાલન બ્રહ્મ બાલાજી ગ્રૃપના કેતનભાઈ મકવાણા, વિનોદરાય ભટ્ટ, હિતેષભાઈ પંડયા, વિપુલભાઈ પંડયા, ભાવેશ બુંદેલા, અશોકભાઈ વાઘેલા, તેની ટીમને સુપ્રતની જાહેરાત કરી હતી. આ વર્ષે સુંદર કામગીરી માટે અંકલેશ ગોહિલ, પાર્થ ગોહેલ, વિનુભાઈ ભટ્ટને બિરદાવ્યા હતા.સંગીત સંધ્યાના કલાકારોએ ત્રણ કલાક સુધી જુના–નવા ગીતો પીરસીને લોકોના દિલ જીતી લીધા હતા. જીગીશા રાવલને વિશેષ કદર કરવામાં આવી હતી. સંચાલન નેહા મહેતાએ કર્યું હતું. રહીશોએ હોળી–ધૂળેટી પર્વ ભાઈચારા, પ્રેમ–લાગણીના પ્રતિક સાથે માનવ સેવાના સુત્રને ધ્યાનમાં રાખી ઉજવણી કરી હતી.હોળી–ધુળેટી પર્વની સફળતા માટે સમિતિના જયંત પંડયાના વડપણ હેઠળ વિનોદરાય ભટ્ટ, પંકજભાઈ મહેતા, કેતનભાઈ મકવાણા, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, ભારતીબેન ગંગદેવ, જયોતિબેન પુજારા, હર્ષાબેન પંડયા, જયોત્સનાબેન પુરોહિત, ભદ્રાબેન ગોહેલ, પ્રફુલ્લાબેન બોરીચા, કુસુમબેન ચૌહાણ, રેખાબેન વાઢેર, જયશ્રીબેન મોડેસરા, વાસંતીબેન ત્રિવેદી, ભારતીબેન રાવલ, બીનાબેન પરમાર સહિત બહેનોએ ભાગ લીધો હતો.

## તાજેતરમાં ૩૦ થી ૪૦ જેટલા વીજપોલ ઉભા કરાયા જેમાં વિક્ષેપ થતાં

# ઠેબી જળાશયમાં ઉભા કરેલ તમામ વીજપોલ હટાવાયા

**બે મહિનાં પહેલા લગાવાયેલ વીજપોલને દૂર કરીને નવા પોલ લગાવવાની કામગીરી શરૂ**

**વીજપોલ ઉભા કરવામાં ફાઉન્ડેશન અને વાયરીંગમાં વિક્ષેપ થતાં પુનઃ કામગીરી શરૂ કરવામાં આવી**

**સિંચાઈ વિભાગનાં અધિકારીઓએ વાતાનુકુલિન કચેરીમાંથી બહાર નીકળીને કામગીરી ઉપર નજર રાખવાની જરૂર**

**સરકાર કે જનપ્રતિનિધિઓ કશું કહેતા ન હોવાથી અધિકારીને કોઈ ચિંતા નથી**

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લાની જનતા લોહી–પાણી એક કરીને નાણા કમાતી હોય અને તેમાંથી અમુક રકમ સરકારની તિજોરીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે કરપેટે જમા કરાવતી હોય એટલે તે એક–એક નાણાનો સદઉપયોગ થાય, જનતાનાં પરસેવાનાં પૈસાનો બગાડ ન થાય તે જોવાની જવાબદારી જનપ્રતિનિધિઓ અને અધિકારીઓની હોય છે અને આ નાણાનો દુરૂપયોગ થતો હોવાનાં કિસ્સા અવારનવાર બહાર આવી રહ્યા છે.

જેમાં અમરેલીનાં ઠેબી જળાશયનાં પાળા ઉપર બેથી ત્રણ મહિના પહેલા ૩૦ થી ૪૦ જેટલા વીજપોલ હજારો રૂપિયાનાં ખર્ચે સિંચાઈ વિભાગ ધ્વારા ઉભા કરવામાં આવ્યા બાદ સિંચાઈ વિભાગનાં અધિકારીઓની આળશ અને બેદરકારીનાં કારણે તે વીજપોલ નિયમ મુજબ ન લગાવાતા તેને દૂર કરીને નવા વીજપોલ ઉભા કરવાની કામગીરી શરૂ થતાં પાળા ઉપર વોકિંગ માટે આવતાં શહેરીજનોમાં સિંચાઈ વિભાગની બેદરકારીની ચર્ચા થતી જોવા મળે છે.

આમ જનતાનાં પરસેવાનાં નાણાનો દુરૂપયોગ થઈ રહ્યો હોય જવાબદાર અધિકારીનો ખુલાશો થવો જરૂરી બન્યો છે.

---

### આર્થિક સંકડામણનાં કારણે પગલું ભર્યુ

## સાવરકુંડલાનાં મહુવા માર્ગ ઉપર રેલ્વે ટ્રેક ઉપર માલગાડી હડફેટે ઝંપલાવી યુવકની આત્મહત્યા

**મૃતક યુવક ખાંભાના ભાણીયા ગામનો હોવાનુ ખુલ્યુ**

સાવરકુંડલા, તા. ૨૬

ખાંભા તાલુકાના ભાણીયા ગામનો યુવાન પોતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી છેલ્લા થોડા મહિનાથી કામધંધા અર્થે સુરત ખાતે ગયેલ હતો જયા પણ ધંધાનું સેટિંગ ન આવતા અને આર્થિક પરિસ્થિતિ ન સુધરતા તેઓ સુરત થી રાત્રે પ્રાઈવેટ બસમાં બેસી સાવરકુંડલા ખાતે આવેલ ખાંભા ચોકડી ખાતે બસ માંથી ઉતરી સાવરકુંડલાના મહુવા રોડ ગીરધરવાવ પાસે આવેલ રેલવે ટ્રેક પર સાવરકુંડલા થી પીપાવાવ પોર્ટ તરફ જતી કન્ટેનર ગાડી હેઠળ ઝંપલાવી ખાંભા તાલુકાના ભાણીયા ગામનો યુવાન લાલજીભાઈ હસુભાઈ મકવાણા ઉ.વ. ૨૦ નું ઘટના સ્થળે મોત થયું હતું આ બનાવ ની જાણ થતાં ગુડ્ઝ ટ્રેન રોકી દેવામાં આવી હતી ફાટકમેન દ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા મહુવા રોડ બીટ ના હેડ કોન્સ્ટેબલ અમનભાઈ કાજી ઘટના સ્થળે પહોંચી યુવાનના પરિવારને જાણ કરવામાં આવી હતી.

---

### રવિવારે સાંજે ભાજપનાં ઉમેદવારનું નામ જાહેર થયું

## અમરેલી લોકસભા ચૂંટણી જંગમાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા અને કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમર વચ્ચે ટક્કર

**જિલ્લા પંચાયતનાં માજી અને તાજી પ્રમુખ વચ્ચે ચૂંટણીજંગ નિશ્ચિત**





અમરેલી, તા. ૨૬

અમરેલી લોકસભા બેઠક ઉપર રવિવારે સાંજે ભાજપનાં ઉમેદવાર તરીકે જિલ્લા પંચાયતનાં પ્રમુખ અને લાઠીનાં જરખીયા ગામનાં વતની ભરતભાઈ સુતરીયાનું નામ જાહેર થતાં તેઓની સામે કોંગ્રેસનાં ઉમેદવાર તરીકે જિલ્લા પંચાયતનાં પૂર્વ પ્રમુખ જેનીબેન ઠુંમર હોય બંને વચ્ચે ચૂંટણી જંગ જામશે.


જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય.............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યક્તિઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

LG સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
LG ઇલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસિક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૬૦૧૭ ૬૯૫૫૫ | કિશનભાઈ મો.૯૯૨૫૧ ૬૧૧૮૪ | મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
24/7 Emergency Services
કિડની સ્પેશિયાલિસ્ટ આપના અમરેલી માં...
કિડનીના રોગોનું રાહત દરે નિદાન તથા નિષ્ણાંત દ્વારા યોગ્ય માર્ગદર્શન
કિડનીના રોગોના લક્ષણો
- પગમાં સોજા આવવા તથા મોઢે સોજા ચડવા.
- પેશાબમાં વારંવાર ઈન્ફેકશન થવું,
- પેશાબ અટકી ને આવવો,લાલ પેશાબ આવવો.
- વારંવાર શ્વાસ ચડવો.
- ઉલટી-ઉબકા થવા ભુખ ઓછી લાગવી.
તારીખ : ૨૮/03/૨૦૨૪, ગુરૂવાર
સમય : સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦
ડો. જીગર શ્રીમાળી
MD DM Nephro (Gold Medalist)
Consultant Nephrologist & Transplant Physician
વધુ માહિતી માટે સંપર્ક કરો
99789 66629
99045 93355
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૪ થી તા.૩૧–૧૨–૨૦૨૪
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)